# ક઼યામતની નિશાનીઓ

**લેખક** હુઝૂર તાજુશ્શરીઅહ્ **હઝરત અલ્લામા મૌલાના મુફ્તી મુહમ્મદ અખ્તર રઝા ક઼ાદરી અઝહરી** مدظلہ العالی

**સંપાદક** **મૌલાના મુહમ્મદ અબ્દુર્રહીમ 'નશ્તર' ફારૂક઼ી**

**અનુવાદક** ખલીફએ તાજુશ્શરીઅહ **હઝરત અલ્લામા મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવાવાળા** *(હાલ : ચિકાગો, યુ.એસ.એ.)*

**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. **ફયઝાને રઝા મંઝિલ,**
**મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦**
**ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**
Email : anjuman2006@hotmail.com
Web. : www.barkatekhwaja.net

પ્રકાશન નં. : ૧૫૫ આવૃત્તિ–૧ પ્રત : ૪૦૦૦
૧–સફરુલ મુઝફફર હિ.સ. ૧૪૨૯ ફેબ્રુઆરી–૨૦૦૮

**ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફત મંગાવો !**
**મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૭૮૧૭૩૯૯** **નૂરાની આર્ટ–દયાદરા**

| **વિષય** | **પેજ નં.** |
| --- | --- |
| ☞ જ્યારે લોકો નમાઝને બરબાદ કરવા લાગે | ૦૯ |
| ☞ જ્યારે અમાનત બેકાર કરી દેવામાં આવે | ૧૨ |
| ☞ જ્યારે વ્યાજ ખાવામાં આવે | ૧૮ |
| ☞ જ્યારે રિશ્વત (લાંચ) લેવામાં આવે | ૨૦ |
| ☞ જ્યારે કુર્આને પાક ગાઈને પઢવામાં આવે | ૨૧ |
| ☞ જ્યારે ઔલાદ દિલની તકલીફ બની જાય ! | ૨૬ |
| ☞ જ્યારે ઓલમા માલદારો સામે છાતી પર હાથ રાખી નમે | ૨૮ |
| ☞ જ્યારે મસ્જિદો સજાવવામાં આવે | ૩૩ |
| ☞ જ્યારે મહીના ટૂંકા થઈ જાય | ૩૬ |
| ☞ જ્યારે સ્ત્રીઓ ઘોડે સવારી કરે | ૪૦ |
| ☞ જ્યારે સ્ત્રીઓ મર્દોથી અને મર્દ સ્ત્રીઓથી મુશાબેહત કરે | ૪૩ |
| ☞ જ્યારે ગૈરુલ્લાહની ક઼સમો ખાવામાં આવે | ૪૮ |
| ☞ જ્યારે તલબ વિના ગવાહી આપવા આગળ વધશે | ૬૦ |
| ☞ જ્યારે હોદ્દા વારસાગત બની જાય | ૬૧ |
| ☞ જ્યારે મર્દ મર્દો પર તથા સ્ત્રી સ્ત્રી પર સંતોષ કરશે | ૬૨ |

# પ્રકાશકના બે બોલ....

અઝ

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(ખલીફાએ હુઝૂર તાજુશ્શરીઅહ مدظلہ العالی)

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِيۡمِ

રાત દિવસનું ચક્ર આ સમગ્ર સૃષ્ટિને ક઼યામતની નિકટ દોરી રહ્યું છે. ક્રમે ક્રમે એ દિવસ આવશે જે દિવસે અત્યારે સૂર લઈને તૈયાર ઉભા રહેલા અલ્લાહના ફરિશ્તા ઈસ્રાફીલ علیہ السلام સૂર ફૂંકવા માંડશે અને આ જગત, સર્વ સૃષ્ટિ, સર્વ મખ્લૂક ફના થઈ જશે ! હઝરત ઈસ્રાફીલ علیہ السلام સૂર ફૂંકવા માટે તૈયાર જ છે કેવળ રબ્બે કરીમના હુકમની રાહ જોઈ રહેલા છે. અને ક઼યામત થતાં સર્વનાશ થઈ જશે. ત્યાર બાદ ઈસ્રાફીલ علیہ السلامને રબ જીવંત કરશે અને ફરી સૂર ફૂંકવાનો હુકમ થશે તો હઝરત આદમ علیہ السلامથી ક઼યામત સુધી થનાર સર્વ માનવો જીવંત થશે અને હશ્રના મેદાન તરફ ચાલવા માંડશે જ્યાં તેમનો હિસાબ કિતાબ થશે પછી જન્નત કે જહન્નમનો હુકમ સંભળાવવામાં આવશે. તો આપણે હમેશાં હિસાબો કિતાબથી ડરતા રહી દિલમાં ખુદાનો ખૌફ રાખી પાકીઝા તથા હલાલ કામોવાળી જિંદગી જીવવી જોઈએ અને હરામ બાબતોથી દરેક ક્ષેત્રે બચવું જોઈએ.

ક઼યામત ચોક્કસ ક઼ાયમ થશે, તેનો ઈન્કાર કરનાર ‘કાફિર’ છે. ક઼યામત ક્યારે થશે અને કોના પર ક઼યામત થશે વગેરે સર્વ વિગતો મુસલમાને જાણવી અત્યંત જરૂરી છે. બહારે શરીઅત (ભાગ–૧)માં તેની ઘણી નિશાનીઓ દર્શાવી છે તેનો અભ્યાસ કરવો જોઈએ.

અમો અત્રે પ્રસ્તુત કિતાબ આધારે ક઼યામત એટલે **‘ક઼યામતની નિશાનીઓ’** રજૂ કરતાં અતિશય ખુશી અનુભવીએ છીએ કે ઈલ્મી જગતના ચમકતા સૂરજ, રૂહાની દુનિયાના શહેનશાહ, તાજુલ ઉલમા, તાજુશ્શરીઅહ, પીરે તરક઼ત, રહબરે શરીઅત, જાનશીને હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મૌલાના મુફ્તી અખ્તર રઝાખાં



અઝહરી مدظلہ العالیએ પોતાના નૂરાની ક઼લમ વડે તેને વજૂદ બખ્શ્યું છે. આ કિતાબની ખૂબી એ છે કે હદીષે પાકથી ક઼યામતની નિશાનીઓનો સર્વ પ્રથમ સામૂહિક ઉલ્લેખ છે પછી ઘણી બધી નિશાનીઓનું વિગતે વર્ણન વિવિધ હદીષોના જ સમર્થનથી રજૂ કરેલ છે, કેટલીક જગાએ આ વિષયને લગતી કુર્આની આયતો અને તેની તફસીર તથા ફિક઼્હની કિતાબોના હવાલાથી વિષયને એકદમ સ્પષ્ટ કરવામાં આવેલ છે. વળી સાથોસાથ ઘણા મસ્અલા પણ રજૂ થતા રહ્યા છે જે વાંચનારના ઈલ્મમાં ઘણો બધો ઉમેરો કરી જાય છે.

ક઼યામતનું વર્ણન તો આ પ્રસ્તુત કિતાબમાં વાંચશો સાથોસાથ પ્રસંગને અનુરૂપ એ વાત વાંચતા ચાલો અને બોધ ગ્રહણ કરીને તમારા ઈમાન તથા અમલની સલામતી માટે કોશિશમાં લાગી જાવ, કે ક઼યામતમાં હિસાબ કિતાબમાં આવાં દશ્યો પણ હશે કે રબ તઆલા કોઈને ફર્માવશે, અય ફલાણા ! શું મેં તને ઈજ્જત આપી ન હતી ? તને સરદાર ન બનાવ્યો અને તારા માટે ઘોડા અને ઊંટ વિગેરેને વશ ન કર્યા ? તે ઉપરાંત ખુદાએ પાક બીજી નેઅમતો યાદ દેવડાવશે. તે માણસ અર્ઝ કરશે, હા ! તે સર્વ કાંઈ આપ્યું હતું. પછી અલ્લાહ ફર્માવશે : તો શું તું એમ સમજતો હતો કે, "મારાથી મળવું પડશે ?" તે કહેશે કે, ના ! એવો મારો ખ્યાલ ન હતો ! અલ્લાહ ફર્માવશે : "તો જેવી રીતે તેં અમને યાદ ન કર્યો (એવી રીતે) અમે પણ તને અઝાબમાં નાંખીએ છીએ."

આ પરથી જેમને અલ્લાહે દુનિયામાં સત્તા આપી છે, ઈજ્જત આપી છે, સરદારી આપી છે તો તેમણે ખુદાના ખૌફથી ન્યાયી રીતે જીવન જીવવું જોઈએ અને કોઈના પર જુલ્મ ન ગુઝારવો જોઈએ તથા હમેશાં ખુદાના અઝાબથી ડરતા રહેવું જોઈએ.

કેટલાક કાફિરો એવા પણ હશે કે જ્યારે (તેમને) નેઅમતો યાદ દેવડાવી, અલ્લાહ ફર્માવશે કે તે શું કર્યું ? તે અર્ઝ કરશે કે, તારા પર અને તારી કિતાબ પર અને તારા રસૂલો પર ઈમાન લાવ્યો, નમાઝો

પઢયો, રોઝા રાખ્યા, સદકા આપ્યા, અને તે ઉપરાંત જ્યાં સુધી બની શકશે નેક કામોનો ઉલ્લેખ કરી જશે. અલ્લાહનો ઈર્શાદ થશે, તો સારું. તું થોભી જા ! તારા પર સાક્ષીઓ રજૂ કરવામાં આવશે. તે પોતાના મનમાં વિચારશે, મારા પર કોણ સાક્ષી આપશે. ત્યારે તેના મોઢા પર સીલ મારી દેવામાં આવશે અને તેના અવયવોને આજ્ઞા થશે કે, બોલતાં જાવ ! તે વખતે તેની સાથળ અને હાથ, પગ, માંસ, ચામડી અને હાડકાં સૌ સાક્ષી આપશે કે આ તો આવો હતો, તેવો હતો. તેને જહન્નમમાં નાંખી દેવામાં આવશે.

આ પરથી દરેકે ઈમાનની કિંમત સમજવી જોઈએ. અજ્ઞાનતામાં રહીને દુનિયાની ચમક દમક પાછળ ગુમ થઈ જઈને ઈમાનથી બેપરવા ન થવું જોઈએ, નહીં તો અંજામ નક્કી જ છે જે તમોએ જોયો.

નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : "મારી ઉમ્મતમાંથી ૭૦ હજાર વગર હિસાબે જન્નતમાં દાખલ થશે. અને તેમના તુફૈલમાં દરેકની સાથે ૭૦ હજાર દાખલ થશે. અને રબ તઆલા તેમની સાથે ત્રણ જમાઅતો બીજી આપશે, ખબર નથી કે દરેક જમાઅતમાં કેટલા હશે ! તેની ગણત્રી એ જ જાણે. તહજ્જુદ પઢનાર વગર હિસાબે જન્નતમાં જશે.

અલ્લાહ તઆલાથી દુઆ કરો કે આપણને પણ તેના મહબૂબ ﷺના સદકામાં આ ટોળામાં સામેલ ફર્માવે. (આમીન)

અંતમાં પુલસિરાત વિશે જાણી લો કે, સિરાત હક્ક છે. આ એક પુલ છે કે જે જહન્નમની પીઠ પર સ્થાપિત કરવામાં આવશે. તે વાળ થી વધારે બારીક અને તલવારથી વધારે તેજ હશે. જન્નતમાં જવાનો એ જ રસ્તો છે. સૌથી પહેલાં, નબીએ કરીમ ﷺ તેની પરથી પસાર થશે પછી બીજા અંબિયા તથા મુરસલીન, પછી આ ઉમ્મત, પછી બીજી ઉમ્મતો પસાર થશે. આ'માલ પ્રમાણે પુલસિરાત પર લોકો વિવિધ રીતે પસાર થશે. કેટલાક તો એવી ઝડપથી પસાર થશે કે, જાણે વીજળીનો ચમકાર કે હમણાં ચમકી અને તરત જ લુપ્ત થઈ



ગઈ. કેટલાક તેજ હવાની જેમ, કોઈ એવી રીતે જેવી રીતે પક્ષી ઉડે છે અને કેટલાક ઘોડાની દોડ માફક અને કેટલાક એવી રીતે કે જેમ આદમી દોડે છે. ત્યાં સુધી કે કેટલાક માણસો નિતંબ પર ઢસડાતા અને કોઈ કીડીની ચાલે પસાર થઈ જશે. પુલ સિરાતની બંને બાજુએ મોટા મોટા આંકડા (અલ્લાહ જ જાણે કે તે કેટલા મોટા હશે) લટકતા હશે. જે વ્યક્તિ માટે હુકમ થશે તેને પકડી લેશે, પરંતુ કેટલાક તો ઝખ્મી થઈને નજાત પામશે અને કેટલાકોને જહન્નમમાં ફેંકી દેશે.

એટલા માટે આપણે આપણી ભલાઈને વિચારીને ઈમાન તથા અમલની રક્ષા કરતા રહીને ચાલવું જોઈએ. ઈમાનના લૂટારાઓ બદ્‌મઝહબોથી બેતઅલ્લુક રહીને ઈમાનને સાચવીને જો આપણે દુનિયાથી નીકળી જઈશું તો ઈન્શાઅલ્લાહ ! આપણે પણ આ'લા હઝરત رضی اللہ عنہની જેમ કહીશું કે :–

અય **'રઝા'** પુલસે અબ વજદ કરતે ગુઝરીએ
કે હૈ 'રબ્બિ સલ્લિમ' સદાએ મુહમ્મદ ﷺ

તેમજ હુઝૂર તાજુશ્શરીઅહ્ مدظلہ العالیએ પણ ફર્માવ્યું છે કે :–

'રબ્બિ સલ્લિમ' વો ફર્માનેવાલે મિલે,
ક્યૂં સતાતે હૈ અય દિલ તુઝે વસવસે
પુલસે ગુઝરેંગે હમ વજદ કરતે હુએ
કૌન કેહતા હૈ પાંવ ફિસલ જાએગા ?!

આ કિતાબ પ્રસિદ્ધ કરવા ઈજાઝત આપવા બદલ હુઝૂર તાજુશ્શરીઅહના અમો આભારી છીએ તેમજ અનુવાદક મૌલાના મક્કી મિસ્બાહી તથા મૌલાના મુફતી યૂનુસ રઝા ઉવૈસી (બરેલી શરીફ) તેમજ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળાના અમો આભારી છીએ કે અમુક કઠીન જગ્યાએ અમારું માર્ગદર્શન કર્યું. રબ તઆલા દરેક સહકાર કરનારાઓને જઝાએ ખૈર અતા કરે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી** *[તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*
તા. ૨–ફેબ્રુઆરી–૨૦૦૭, વાર : શનિવાર, સ્થળ : દયાદરા, તા. જિ. ભરૂચ

نَحۡمَدُہٗ وَنُصَلِّیۡ وَنُسَلِّمُ عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

હઝરત ઝયદ ઈબ્ને વાક઼િદથી રિવાયત છે : તે હઝરત મકહુલથી રિવાયત કરે છે તે મૌલાએ કાયનાત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :

ક઼યામતની નિશાનીઓમાંથી છે જ્યારે તમે જુઓ કે લોકો નમાઝને બરબાદ કરી દે, અમાનતને બેકાર કરે, મોટા મોટા ગુનાહોને હલાલ સમજે, સૂદ (વ્યાજ) ખાવા લાગે, રિશ્વત (લાંચ) લેવા લાગે, મકાન પાકાં બનાવે, મનેચ્છાઓની પૈરવી કરે. દીનને દુનિયાના બદલામાં વેચે, કુર્આન શરીફને ગાવાનું બનાવે★, અને જ્યારે તમે જુઓ લોકો જંગલી જાનવરોનાં ચામડાં ઝિન માટે ઈસ્તેમાલ કરવા લાગે⍟, મસ્જિદોને ખૂબ શણગાર આપે. પુરૂષો રેશમ પહેરવા લાગે, અને જ્યારે જુલ્મ વધારે થઈ જાય, ઝિના (વ્યભિચાર) આમ થઈ જાય, તલાક઼ આપવું મામૂલી વાત સમજવામાં આવે, ખયાનત કરનાર પાસે

*★ એટલે કે ગાયનની ઢબથી ઉતાર ચઢાવની સાથે કુર્આન મજીદ પઢશે અથવા સંગીત સાથે કુર્આનની તિલાવત કરશે અને લગભગ આ પાછલી વાત પણ ઉપસ્થિત થઈ ગઈ અને પહેલી વાત તો વર્તમાન ક઼ારીઓમાં સામાન્ય છે. (૧૨/—ઝહરી ગુફિરલહૂ)*

*⍟ એનાથી સિંહ વગેરેની ચામડી પર બેસવાથી મનાઈ માલૂમ થાય છે અને આ મનાઈ અમુક હદીષમાં આવી. અને જો એનાથી હેતુ ગર્વ તથા ઘમંડનો હોય તો તેનાથી મનાઈ તેની તેહરીમ (હરામ હોવા) પર ફાયદો આપશે. (પુરવાર કરશે) (૧૨/અઝહરી ગુફિરલહૂ)*



અમાનત રાખવામાં આવે અને અમાનતદારને ખયાનત કરનાર કહેવામાં આવે, જ્યારે વરસાદ સખત★ ગરમીનું કારણ બને, જ્યારે ઔલાદ દિલની તકલીફ બને, બદ્‌કાર ઉમરાવ, જૂઠા, વઝીર, ખયાનત કરનાર અમીર અને જાલિમ હિસાબ લેનાર બને. અને આલિમો માલદારો માટે છાતી પર હાથ મૂકી (એમની તા'ઝીમમાં) નમે, ક઼ારીઓનો વધારો અને ફક઼ીહોનો ઘટાડો થાય, કુર્આન સોના ચાંદીથી શણગારવામાં આવે અને મસ્જિદોને સજાવવામાં આવે, મિમ્બરો લાંબા કરવામાં આવે, દિલ ફાસિદ બની જાય, લોકો ગાનારી સ્ત્રીઓને રાખે, અને વાજિંત્રો હલાલ ઠરાવી દેવામાં આવે, શરાબ પીવામાં આવે, અલ્લાહ તઆલાની હદોને બેકાર કરી દેવામાં આવે, મહિના નાના બની જાય, વાયદા પૂરા કરવામાં ન આવે અને સ્ત્રી પોતાના પતિના વેપારમાં ભાગીદાર બને, સ્ત્રીઓ તુર્કી ઘોડાઓ પર બેસે, અને સ્ત્રીઓ પુરૂષોની તથા મર્દ સ્ત્રીઓની મુશાબેહત (સરખાપણુ) કરે, અલ્લાહ સિવાય બીજા લોકોની ક઼સમો ખાવામાં આવે, ગવાહી માંગ્યા વિના આદમી ગવાહી દેવામાં આગળ વધે, ઝકાતને ટેક્ષ બનાવવામાં (સમજવામાં) આવે, અને અમાનતને ગનીમતનો માલ બનાવી દેવામાં આવે, પતિ પોતાની પત્નીનું આજ્ઞાપાલન કરે, માંની નાફર્માની કરે, બાપને દૂર રાખે, હોદ્દા મિરાસ (વારસાગત) બને, આ ઉમ્મતના પાછળના લોકો આગલા લોકોને ગાળો આપે⍟, આદમીની ઈજ્જત એની બદ્‌માશીના

*★ લગભગ મતલબ એ છે કે વરસાદ ઓછો થાય અને સૂકો દુકાળ સામાન્ય થાય અથવા વરસાદની અસર એટલે લીલોતરી તથા ભેજવાળી હવા ન જોવા મળે. (૧૨/અઝહરી ગુફિરલહૂ)*

*⍟ આ કથન રાફઝી, ખારજી, વહાબી, દેવબંદી, નેચરી, ક઼ાદયાની.... વગેરે તથા એના જેવા બાતિલ ફિર્કાઓને લાગુ પડે છે. —અઝહરી ગુફીરલહૂ*

કારણે કરવામાં આવે, સિપાહીઓનો વધારો, જાહિલ મિમ્બર પર ચઢે, મર્દ તાજ પહેરવા લાગે, રસ્તા તંગ અને રહેવાના મકાનો ઊંચા તથા આલીશાન બને, પુરૂષ પુરૂષથી સંતોષ માનશે તથા સ્ત્રી સ્ત્રીઓ પર સંતોષ માનશે, તમારા મિમ્બરના ખતીબ વધારે હોય, તમારા આલિમ તમારા વાલીઓ (હાકિમો) તરફ નમે, એમના માટે હરામને હલાલ બનાવી આપે, હલાલને હરામ બનાવે, એમને દિલ ચાહે તેવા ફતવા આપે, તમારા ઓલમા ઈલ્મ એટલા માટે શીખે જેથી તમારા માલદારોથી રૂપિયા પૈસા ભેગા કરે, તમે કુર્આનને વેપાર બનાવી લો, અને તમારા માલોમાં જે અલ્લાહનો હક્ક઼ છે તેને બરબાદ કરી નાખે, તમારા રિશ્તાઓને ખતમ કરો, પોતાની મજલિસમાં શરાબ પીવો, તાશ રમો, તબ્લા વગાડો, અને મ્યૂઝિકનાં સાધનો વગાડો, પોતાનાં મોહતાજાને ઝકાત ન આપો અને ઝકાતને ટેક્ષ (બદલો) સમજો અને બેગુનાહને કતલ કરો જેથી આમ લોકો એના કતલથી ઘટે અને તમારા વિચારો વિભિન્ન હોય, બખ્શિશો ગુલામોમાં તથા કમ મર્તબાવાળા લોકોમાં આમ થાય, વજનનાં બેલેન્સ તથા ત્રાજવાં કમ થઈ (ઓછુ તોલવાનો રિવાજ આમ) જાય, તમારા મામલાઓ બેવકૂફ લોકોના હાથમાં હોય. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૪, પેજ–૫૭૩, ૫૭૪)*

## જ્યારે લોકો નમાઝને બર્બાદ કરવા લાગે

નમાઝને બર્બાદ કરવું કેટલાય પ્રકારથી છે : નજાસત (નાપાકી)થી ન બચવું, કપડામાં એટલી નાપાકીનું હોવું જેથી નમાઝ ફાસિદ થાય અથવા નાપાક જગ્યાએ નમાઝ પઢે અથવા વુઝૂ સહી તરીકાથી ન કરે, અથવા નમાઝમાં કોઈ શર્ત અથવા



રુકન અદા ન કરે, અથવા મઆઝલ્લાહ દિલ બાતિની તહારત (પાકી)થી અને ઈમાની નૂરથી ખાલી હોય. એટલે કે અલ્લાહ તથા તેના રસૂલની તા'ઝીમથી ખાલી હોય, અને દીનની જરૂરિયાતમાંથી કોઈ જરૂરી દીની વસ્તુ દા.ત. અલ્લાહ عَزَّوَجَلَّ ની પાકી, નબી પાક صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم ના ઈલ્મે ગયબ અથવા ખાતમુલ અંબિયા صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم ની ખત્મે નબુવ્વતનો ઈન્કાર કરવું અને સાથે સાથે કલમો પણ પઢતો હોય. અને આ છેલ્લો પ્રકાર બધાથી ખતરનાક છે કે જેમાં કેવળ નમાઝને બર્બાદ કરવું જ નથી, બલ્કે ઈમાનને પણ ખરાબ કરવું છે. આજકાલ આ વસ્તુ વહાબી, દેવબંદી, ક઼ાદયાની, રાફ઼ઝી અને એ બધા જૂઠા ફિર્ક઼ાઓમાં છે જેઓ દીનની જરૂરતનો ઈન્કાર કરે છે. એમના માટે જ સાચી ખબર આપનાર આપણા રસૂલ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم એ ફર્માવ્યું : "એક એવી ક઼ૌમ નમાઝ પઢશે જેનો દીન હશે નહીં."

આ બધી જ સ્થિતિઓમાં મુદ્દલે નમાઝ થતી નથી, ભલે જાહેરી રીતે જોવામાં તો નમાઝ લાગે છે. એક સ્થિતિ એ પણ છે કે બિલકુલ નમાઝ ન પઢે અથવા રુકૂઅ સજદામાં ઈત્મિનાન જે વાજિબ છે ન કરે. એવી જ રીતે નમાઝના વાજિબોમાંથી કોઈ વાજિબ છોડી દેવામાં અથવા ખુશૂઅ ખુઝૂઅ વિના નમાઝ પઢવી. આ બધામાં નમાઝને બર્બાદ કરવું છે.

બુખારી શરીફમાં હઝરત હુઝૈફા رَضِىَ اللّٰهُ عَنْهُ થી રિવાયત છે :–

એમણે જોયું કે એક માણસ રુકૂઅ સજદા કામિલ તરીક઼ાથી કરતો નથી. જ્યારે એ નમાઝથી ફ઼ારિગ થયો તો હઝરત હુઝૈફાએ ફર્માવ્યું, તેં નમાઝ નથી પઢી. રાવીનું બયાન છે કે હું ગુમાન કરું છું કે હઝરત હુઝૈફા رَضِىَ اللّٰهُ عَنْهُ એ પેલા માણસને કહ્યું કે જો તું આવી હાલતમાં મૃત્યુ પામ્યો તો સુન્નતે મુહમ્મદ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم પર મરણ પામીશ નહીં ! *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૬)*

નમાઝને બર્બાદ કરવું એ પણ છે કે ટાઈમ પસાર થયા બાદ પઢે. બુખારી શરીફમાં હઝરત ઝોહરી رضي الله عنه થી રિવાયત કરી છે : એ કહે છે કે હું દમિશ્કમાં હઝરત અનસ ઈબ્ને માલિક رضي الله عنهની ખિદમતમાં હાજર થયો આપ રડતા હતા તો મેં અર્ઝ કરી, તમારા રડવાનું કારણ શું છે ? જવાબ આપ્યો, મેં નબીએ અકરમ ﷺ ના જમાનામાં કોઈ વસ્તુને નમાઝ સિવાય ન ઓળખી અને એ નમાઝ પણ બર્બાદ કરી દેવામાં આવી ! *(હવાલો ઉપર મુજબ, પેજ–૭૬)*

આ હદીષને ઈમામ બુખારી رضي الله عنه એ "નમાઝને વખત પસાર થયા બાદ પઢવી"ના બયાનમાં વર્ણન કરી છે. તિબ્રાનીમાં અનસ ઈબ્ને માલિક رضي الله عنهથી રિવાયત છે કે આક઼ાએ દો જહાં ﷺ એ ફર્માવ્યું, જે નમાઝો તેમના વખતો પર પઢવામાં આવે છે તેના માટે કામિલ વુઝૂ અને નમાઝમાં ખુશૂઅ ખુઝૂઅ તથા રુકૂઅ સજદા કામિલ તરીક઼ાથી કરે તો એની નમાઝ સફેદ ચમકતી નીકળે છે અને કહે છે, "અલ્લાહ તઆલા તારી હિફાઝત કરે જેવી રીતે તેં મારી હિફાઝત કરી." અને જે નમાઝો સમય પસાર કરી પઢવામાં આવે, તેના માટે કામિલ વુઝૂ પણ ન કરે અને ખુશૂઅ ખુઝૂઅ વિના રુકૂઅ સજદા કરવામાં આવે તો એની નમાઝ કાળી અંધારી નીકળે છે અને કહે છે, "અલ્લાહ તને બર્બાદ કરે જેવી રીતે તેં મને બર્બાદ કરી." ત્યાં સુધી કે એ જગ્યાએ પહોંચે છે જ્યાં અલ્લાહ તઆલા ચાહે છે લપેટી દેવામાં આવે છે જેવી રીતે જૂનું કાપડ લપેટી દેવામાં આવે છે. પછી એ નમાઝીના મોઢા પર મારી દેવામાં આવે છે.

આ હદીષની જેમ એક હદીષ હઝરત ઓબાદહ ઈબ્ને સામિત رضي الله عنهથી રિવાયત છે અને કઅબ ઈબ્ને અજરહથી રિવાયત છે. ફર્માવ્યું, આપણા નબી ﷺ તશરીફ લાવ્યા અને



અમો સાત લોકો હતા. ચાર અમારા આઝાદ કરેલા ગુલામમાંથી હતા અને ત્રણ અમારા અરબોમાંથી હતા. અમો હુઝૂર ﷺ ની મસ્જિદમાં કમર લગાડી બેઠા હતા, તો ફર્માવ્યું, તમો કેમ બેઠા છે ?! અર્ઝ કરી, અમો નમાઝના ઈન્તેઝારમાં બેઠા છીએ. તો હુઝૂર થોડો સમય થોભ્યા પછી અમારી બાજુ ધ્યાનિત થયા તો ફર્માવ્યું, શું તમો જાણો છો તમારો રબ શું ફર્માવે છે ?! અર્ઝ કરી, ના ! ફર્માવ્યું, તો જાણી લો ! તમારો રબ ફર્માવે છે, જે પાંચ નમાઝો એના સમય પર પઢે અને નમાઝોની પાબંદી કરે અને એના આદાબોની હિફાઝત કરે અને નમાઝોને બર્બાદ ન કરે તો એના માટે મારા ઉપર અહદ (વાયદો) છે કે હું એને જન્નતમાં દાખલ કરું. અને જે આ નમાઝોને એના સમય પર ન પઢે, તેના આદાબની હિફાઝત ન કરે, બેકાર સુસ્તીથી એને બર્બાદ કરે તો એના માટે મારા ઉપર કાંઈ અહદ (વાયદો) નથી. હું ઈચ્છું તો અઝાબ આપું અને ઈચ્છું તો બખ્શી આપું. *(મઝમઉઝ્ ઝવાઈદ, ભાગ–૧, પેજ–૩૦૨)*

આ હદીષને રિવાયત કરી તિબ્રાનીએ "અવસત"માં અને "કબીર"માં અને ઈમામ અહમદના શબ્દો આ પ્રમાણે છે : રાવીએ કહ્યું એ દરમિયાન કે હું રસૂલુલ્લાહ ﷺ ની મસ્જિદમાં બેઠો હતો, અમો લોકો મસ્જિદની તરફ કમર લગાડી બેઠા હતા કે હુઝૂર કમરા શરીફથી બહાર તશરીફ લાવ્યા. ઝોહરની નમાઝના સમયે તો ફર્માવ્યું, પછી ઈમામ અહમદે ઉપરોક્ત હદીષના સમાનઅર્થી હદીષ બયાન કરી.

## જ્યારે અમાનત બેકાર કરી દેવામાં આવે

એટલે કે અમાનતને એના હક઼્દાર સુધી પહોંચાડવામાં ન

આવે. હદીષમાં શબ્દ "અમાનત" આમ છે જે માલ, ઈલ્મ, અમલ બધાને સમાવે છે.

"તફસીરે ખાઝિન"માં આ આયતે કરીમાના હેઠળ લખેલું છે : اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰۤى اَهْلِهَا

"બેશક ! અલ્લાહ તમોને હુકમ આપે છે કે અમાનતો જેની છે એને સુપ્રત કરી આપો." *(પા. ૫, આયત–૫૮, સૂરએ નિસાઅ્, કન્ઝુલ ઈમાન)*

આ આયત બધી જ અમાનતોને સમાવે છે, તો આ હુકમમાં એ દરેક અમાનત આવી ગઈ જેની જિમ્મેદારી ઈન્સાનને સોંપવામાં આવી અને એના ત્રણ પ્રકાર છે :–

પહેલો એ કે અલ્લાહ તઆલાની અમાનતનો ખયાલ રાખે. અને આ અલ્લાહ તઆલાના હુકમોને બજાવી લાવવું અને મના કરેલ બાબતોથી બચવું છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદનું બયાન છે કે અમાનત દરેક વસ્તુમાં લાઝિમ છે ત્યાં સુધી કે વુઝૂ તથા જનાબતથી પાકી માટે ગુસ્લ તથા નમાઝ, ઝકાત, રોઝા અને દરેક પ્રકારની ઈબાદતમાં.

બીજું એ કે બંદો પોતાના નફ્સમાં અલ્લાહ તઆલાની અમાનતનો ખયાલ રાખે અને આ અલ્લાહ તઆલાની નેઅમતો છે જે અલ્લાહ ﷻ એ બંદાઓના દરેક ભાગમાં રાખી છે. ઝબાનની અમાનત એ છે કે ઝબાનને જૂઠ, ગીબત, ચુગલી વગેરે શરીઅતની વિરૂધ્ધ વાતોથી મહફૂઝ રાખે. આંખની અમાનત એ છે કે સ્ત્રીઓ પર નજર કરવાથી બચે અને તે તરફ આંખ ન જુએ. કાનની અમાનત એ છે કે બેકાર, બેહયાઈ અને જૂઠી વાતો તથા ખિલાફે શરીઅતની વાતો સાંભળવાથી બચે.

ત્રીજું એ કે બંદો અલ્લાહના બંદાઓ સાથે મામલાત



(વહેવાર)માં અમાનતનો ખયાલ રાખે. જે લોકોએ એના પાસે અમાનત રાખી છે તેને પાછુ ફરવું જરૂરી છે અને એ વસ્તુમાં ખયાનત કરવું મના છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે અલ્લાહના હબીબ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : અમાનત એને પહોંચાડ જેણે તારા પાસે અમાનત મૂકી છે અને એના સાથે ખયાનત ન કર જેણે તારા સાથે ખયાનત કરી. ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે.

એમાં માપ તોલને પૂરું કરવું પણ સામેલ છે. એટલે એમાં કમી કરવી હરામ છે, અને આ હુકમમાં બાદશાહો, માલદારોનું પ્રજા સાથે તથા આલિમનું આમ મુસલમાનો સાથે ભલાઈ કરવું સામેલ છે.

અલ્લામા બગ્વીએ પોતાની સનદથી બયાન કર્યું છે : ફર્માવે છે, એવું ઓછું બન્યું કે અલ્લાહના રસૂલે અમોને ખુત્બો આપ્યો અને એવું ન કહ્યું હોય કે, **"એનું ઈમાન નથી જેના પાસે દયાનતદારી નથી અને એનો દીન નથી જેને વાયદાનો ખયાલ નથી."** *(તફસીરે ખાઝિન, ભાગ–૧, પેજ–૩૭૧)*

**અકુલ** (લેખક ફર્માવે છે) ઓલમાની આમ મુસલમાનો સાથે ભલાઈ એ જ છે કે અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના હુકમો એમના સુધી પહોંચાડી આપે. અને અહલ (લાયક)ને એ ઈલ્મ શીખવાડે જે એના પાસે અમાનત છે, એને છુપાવવું અમાનતને બર્બાદ કરવું છે★.

★ *અમાનતની બર્બાદી એ રીતે પણ થશે કે દરેક કામ બિન લાયકાતવાળાઓના હાથમાં સુપ્રત થઈ જશે. જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે ફર્માવે છે, (અર્થ) : એ દરમ્યાન કે નબી કરીમ ﷺ થી વાત બયાન કરી રહ્યા હતા, એક ગામડિયા* ***(Continue....)***

ઈમામ જલાલુદ્દીન સિયૂતીએ પોતાની કિતાબ "અસ્સલાલિયુલ મસ્નૂઆ"માં પોતાની સનદથી સરકાર ﷺ થી રિવાયત કરી :–

હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે ઈલ્મના મામલામાં ભલાઈ, ખૈર ખ્વાહીથી કામ લો અને કોઈ કોઈનાથી ઈલ્મ ન છુપાવે, એટલા માટે કે ઈલ્મમાં ખયાનત માલમાં ખયાનતથી સખત છે. *(ભાગ–૧, પેજ–૨૦૮)*

---

*(**Continue....**) આવ્યો અને અર્ઝ કરી કે, ક઼યામત ક્યારે આવશે ? હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે અમાનત બર્બાદ કરવામાં આવે તો ક઼યામતનો ઈંતેઝાર કરો. તેણે સવાલ કર્યો, અમાનતની બર્બાદી કઈ રીતે થશે ? ઈર્શાદ થયો, જ્યારે દરેક કામ બિનલાયકાતવાળાઓને સોંપાવા લાગે તો ક઼યામતનો ઈંતેઝાર કરો. (મિશ્કાત શરીફ, પેજ–૪૬૯)*

*સાદિકુલ મસ્દૂક઼ ﷺ ની આ પેશનગોઈ પણ વર્તમાનકાળમાં જાહેર થવા લાગી છે. જેમ કે આજે આપણે જોઈ રહ્યા છીએ કે હુકૂમત તથા સલ્તનત એવા લોકોના હાથમાં છે જેઓ કોઈ રીતે પણ એના લાયક નથી. એ જ રીતે ગામડાઓની આગેવાની તથા મુખીપણુ બિનલાયક લોકોના હાથમાં છે, હદ તો એ છે કે મસ્જિદનું મુતવલ્લીપણુ અને તેનું મેનેજમેન્ટ પણ એવા એવા બેનમાઝી દુનિયાદાર શેઠિયાઓના હાથમાં છે જેઓ સામાન્યતઃ ઈદ, બકરા ઈદની નમાઝ પઢી લે છે અથવા કદી કદી જુમ્આની નમાઝના માટે મસ્જિદોમાં આવી જાય છે. એ જ પ્રમાણે દીની દર્સગાહો તથા અન્ય ક઼ૌમી ઈદારાઓના ઉચ્ચ હોદ્દેદારો દા.ત. નાઝિમે આ'લા તથા સેક્રેટરીનો હોદ્દો એવા લોકોને સુપ્રત કરવામાં આવી રહ્યો છે જેઓ ઈલ્મે દીન તથા ક઼ૌમના મસાઈલ તથા જરૂરતોથી તદ્દન અજાણ છે !*

*જાહેરી વાત છે કે જો સારામાં સારી ચીજ પણ બિનલાયક લોકોના હાથમાં પહોંચી જાય તો તે બદ્‌થી બદ્‌તર થઈ જશે. સારાંશ આ જમાનાનું દરેક કામ બિનલાયકોના હસ્તક છે પરંતુ છતાં પણ ખુદાનો ફઝ્‌લ છે કે કેટલાક લોકો એ હોદ્દાઓના લાયક મૌજૂદ છે. –૧૨/ફારૂકી ગુફિરલહૂ*



આ હદીષથી ફર્ઝને અદા કરવું તથા અમાનતનો અર્થ ખૂબ સ્પષ્ટ થઈ ગયો. એ પણ ખબર પડી કે અમાનતને બર્બાદ કરવું આ બધી જ સ્થિતિઓને સમાવે છે. આ સરકાર ﷺ ના મુખ મુબારકથી નીકળેલા એક શબ્દનું બયાન છે અને અર્થોની એ હાલત છે કે કોઈ એને બયાન નથી કરી શક્તું.

मैं निषार तेरे कलाम पर मिली यूं तो किसी को ज़बां नहीं
वो सुखन है जिस में सुखन न हो वो बयां है जिसका बयां नहीं

"ઈલ્મને છુપાવવું" એનાથી મુરાદ એ છે કે અહલ (લાયક વ્યક્તિ)થી છુપાયેલુ ન રાખે જેવું કે ઉપરોક્ત લખાણમાં બયાન થયું એ ખૂદ આયતે કરીમાથી માલૂમ થાય છે. અને આ માલમાં ખયાનત કરવાથી પણ ઘણુ ખરાબ છે. અમુક વખતે ઈલ્મ છુપાવવું કુફ્ર સુધી પહોંચી જાય છે. દા.ત. હુઝૂર ﷺ ની ફઝીલતોને છુપાવવું અને એવી વાતો બયાન કરવી જેનાથી હુઝૂર ﷺ ની શાને અક઼દસમાં ગુસ્તાખી થાય, આ **જૂના જમાનામાં યહૂદીઓની ખસલત (બુરી આદત) હતી અને હવે આ ખસલત વહાબી, દેવબંદી, રાફઝી વગેરે ગુમરાહ ફિર્ક઼ાઓમાં છે.**

સરકારે મદીના ﷺ એ ઈર્શાદ ફર્માવ્યું :–

દરેક ઉમ્મતમાં અમુક લોકો યહૂદી હોય છે અને મારી ઉમ્મતના યહૂદી અલ્લાહ તઆલાની તક઼દીરને જૂઠલાવનારા છે.

હદીષના મફહૂમથી ખૂબ સ્પષ્ટ છે કે અમુક લોકો સરકાર ﷺ ને જૂઠલાવવા તથા હક઼્ક઼ને છુપાવવાના કારણે યહૂદી કહેવામાં આવ્યા. તો વહાબી વગેરે જે હુઝૂર ﷺ ના ઈલ્મે ગૈબને જૂઠલાવે છે, ઈન્કાર કરે છે અને હુઝૂર ﷺ ની ફઝીલતોને છુપાવે છે તથા દીનની જરૂરતોને માનતા નથી, એઓ પર પણ બેશક ! આ હદીષ લાગુ પડે છે, અને એ હદીષ જેમાં ફર્માવ્યું કે

"એનું ઈમાન નથી જેના પાસે દયાનત નથી." આ ઈન્કાર કરનારાઓ પર પોતાના જાહેરી અર્થ પર છે, જેથી એમનું કલમો પઢવું કશું કામમાં નહીં આવે.

**ઝયાબ ફી ષયાબ લબપે કલ્મા દિલમેં ગુસ્તાખી**

**સલામ ઈસ્લામ મુલ્હિદ કો કે તસ્લીમ ઝબાની હૈ**

આથી સ્પષ્ટ થયું કે હદીષમાં ક્યામતથી નજીકની નિશાનીઓમાં આ જે બયાન ફર્માવ્યું છે કે, "મોટા મોટા ગુનાહોને હલાલ કરી દેવામાં આવશે." આ વાક્ય પહેલા વાક્યથી સંબંધિત છે અને બંનેવમાં સબબ તથા મુસબ્બબનો રિશ્તો છે. એટલે કે જ્યારે અમાનત એમનામાંથી ખતમ થઈ જશે તો એનું બર્બાદ કરવું એ છે કે એ મોટા ગુનાહોમાં પરવા કર્યા વિના સામેલ થઈ જાય અથવા મઆઝલ્લાહ ! એને હલાલ જાણી ઈમાનથી દૂર અને દીનથી બેઝાર (બેફિકર) થઈ જાય.

હદીષ બંનેવ અર્થોને સામેલ છે અને બંનેવ લોકો હદીષના અલગ અલગ સમય તથા સંજોગોના એતેબારથી હદીષના મિસ્દાક છે. (હદીષ એમને લાગુ થાય છે) એ લોકો જે કતઈ હરામ વસ્તુઓને હલાલ જાણે છે તેઓ ઈમાનથી મેહરૂમ અને ઈસ્લામથી દૂર છે. અલ્લાહ તઆલાની અઝમતના એતેબારથી દરેક ગુનાહ અને દરેક જુર્મ કબીરા છે. હા, અમુક ગુનાહ સગીરા છે અને અમુક કબીરા. કબીરાની સહી વ્યાખ્યા એ છે કે દરેક એ ગુનાહ જેના કરવા પર કિતાબ તથા સુન્નતમાં સખત વઈદ (ધમકી) આવી અને જેના કરવાથી અદાલત ખતમ થઈ જાય છે, દા.ત. વ્યાજખોરી, ચુગલી, યતીમનો માલ ખાવું, માં બાપની નાફર્માની, રિશ્તો તોડવો, ઝિનાની દલાલી કરવી, મહરમોના મામલામાં બેગૈરતી (બેશર્મી) વગેરે, તથા તે ગુનાહ જેના કરનાર



પર લઅનત કરવામાં આવી છે. એવી જ રીતે દરેક સગીરા (નાનો) ગુનાહ જેને વારંવાર કરવામાં આવે, તે પણ કબીરા ગુનોહ બની જાય છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે :–

ઈસ્તિગફાર સાથે (ગુનાહોની માફી માંગવાથી) કોઈ ગુનોહ પણ કબીરા નથી રહેતો અને ઈસ્રારની સાથે (વારંવાર કરવાથી) કોઈ ગુનોહ સગીરા નથી રહેતો. (કબીરા બની જાય છે.) *(ફયઝુલ કદીર, ભા. ૬, પેજ–૪૩૬)*

## જ્યારે વ્યાજ ખાવામાં આવે

ક્યામતના નજીક જે નિશાનીઓ જાહેર થશે તેમાં પણ છે કે વ્યાજ ખાવું મુસલમાનોમાં આમ થઈ ગયું હશે. મુસલમાન એક બીજાથી વ્યાજનું લૈન દૈન કરશે એટલે કે માપ તોલવાળી ચીજોને દા.ત. ઘઉં, સોનુ, ચાંદી વગેરે એ જ જાતની ચીજોના બદલામાં વધારો કરી વેચશે. વધારે લેવાની શર્ત પર મુસલમાન મુસલમાનને ઉધાર આપશે★.

*★ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે, "લોકો પર એક એવો જમાનો આવશે કે લોકો એ ખયાલ નહીં કરે કે તેમણે હલાલ મેળવ્યું છે કે હરામ." (મિશ્કાત શરીફ, પેજ–૨૪૧)*

*જેમ કે આજે અમુક લોકો એવું કહેતા જોવા મળે છે કે, "આજકાલ તો હલાલ મળતું જ નથી." કેમ કે હલાલમાં ફુઝૂલખર્ચી તથા એશમસ્તીની ગુંજાઈશ નથી રહેતી એટલા માટે લોકો એ તાવીલ કરી લે છે કે, "આજકાલ તો હલાલ મળતુ જ નથી."*

*જ્યારે કે હદીષે પાકમાં એની સખત ચેતવણી આવેલી છે. જેમ કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે, **"જન્નતમાં તે ગોશ્ત જશે નહીં જે હરામ માલથી બન્યો અને જે ગોશ્ત હરામથી બન્યો હોય તેની દોઝખ વિશેષ હક્દાર છે."** (પેજ–૨૪૨)* *(Continue....)*

આથી ખબર પડી કે વ્યાજ મુસલમાન અને મુસલમાન અથવા મુસલમાન અને ઝિમ્મી (જે જિઝયા વેરો ભરે બદલામાં તેની હિફાઝતની જિમ્મેદારી હુકૂમતની હોય) દરમ્યાન માસૂમ માલમાં થાય છે અને એના પર ખૂદ હદીષનું પહેલું વાક્ય ''નમાઝને બર્બાદ કરશે'' નિર્દેશ સૂચક છે.

આ હદીષમાં એ પણ સ્પષ્ટ છે કે મુસલમાન અને હર્બી કાફિરના દરમ્યાન વ્યાજ નથી. એટલે આજકાલ કાફિરોથી વધારે લેવું વ્યાજ નથી તથા એના હુકમમાં દાખલ નથી. એમનાથી વચનભંગ (ધોકો) કર્યા વિના જે કંઈ જે પણ તરીકાથી લાભ મળે તે મુસલમાનો માટે જાઈઝ છે.

સાથે સાથે બેંક અને પોસ્ટ ઓફીસના નફાનો પણ હુકમ માલૂમ થયો. (ગૈર મુસ્લિમ હુકૂમતમાં બેન્ક, પોસ્ટ વગેરેમાંથી જે ઈન્ટરેસ્ટના નામે મળે તે વ્યાજમાં દાખલ નથી. વધુ માટે કિતાબ ''રિસાલએ બેંક'' સંપાદક : મુફતી કાઝી અ. રહીમ બસ્તવી તેમજ ''ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર'' અઝ : મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી વાંચશો) એવી જ રીતે મુસલમાન પોતાના મુસલમાન ભાઈને કર્ઝ અદા કરવાની સૂરતમાં વગર શર્તે ઈનામના તરીકાથી કશું આપી દે તો એમાં કોઈ વાંધો નથી.

એ પણ ખબર પડી કે વ્યાજ માટે કદર (માપ તોલ) અને જાતિની શર્ત છે, એ બેમાંથી કોઈ એક વસ્તુ ન હોય તો વ્યાજ નથી. એટલે નોટના બદલામાં નોટ વધારા ઘટાડા સાથે આપવું જ્યારે કે રોકડ હોય જાઈઝ છે. તફસીલ માટે ''કિફલુલ્ ફકીહ''

---

*(Continue....) જો લોકો તક્વો અપનાવી હલાલ રોજી કમાવાની ચિંતા કરે તો જે મુશ્કેલીઓ હલાલ મેળવવામાં આડે આવી રહી છે તે કદી પણ ન આવે, પણ આપણી હાલત તો એવી છે કે જે પણ હોય જે રીતે પણ હોય, હલાલ હોય કે હરામ હોય બસ હજમ કરતા જાવ ! –૧૨/ફારૂકી ગુફિરલહૂ*



અઝ : મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ જુઓ, ઘઉંને જુવાર વગેરે વિવિધ જાતથી વધારો કરી વેચવું જાઈઝ છે, ઘઉં અને જુવાર એક જાત નથી અને રોટીને ઘઉં અથવા આટાના બદલામાં વધારા ઘટાડા સાથે વેચવું પણ જાઈઝ છે. અહીંયાં જાતિ એક છે, ઘઉં પરતું રોટીમાં માપ જે વ્યાજ થવા માટે શર્ત છે તે નથી એટલે જાઈઝ છે.

## જ્યારે રિશ્વત (લાંચ) લેવામાં આવે

એક નિશાની સરકાર صلی اللہ علیہ وسلم એ એ બયાન ફર્માવી કે રિશ્વતનું લેન દૈન લોકોમાં આમ થશે. આ વસ્તુ એમના નજીક ઘણી મામૂલી હશે જ્યારે કે અલ્લાહ તથા તેના રસૂલના નજીક એ મામૂલી કે હલકી વસ્તુ નથી બલ્કે સખત હરામ છે★.

---

*★ રિશ્વત (લાંચ)ખોરી એટલા પ્રમાણમાં આમ થઈ ચૂકી છે કે પોતાને મઝહબી તથા કૌમી હમદર્દ કહેવડાવનારા પણ લાંચને તોહફાનું નામ દઈને હલાલ સમજવા લાગ્યા છે, જ્યારે કે ફકીહોએ સાફ સ્પષ્ટતા કરી આપી છે કે જે શખ્સ કોઈને તેના હોદ્દા પર બિરાજમાન થતા પહેલાં રિશ્તેદારી વગેરેમાં કાંઈ લેનદેન કરતો રહેતો હતો તો તેનું લેવું દેવું જાઈઝ છે, અને હોદ્દા પર બિરાજમાન થયા બાદ લોકો જે પણ લેતા દેતા રહે છે તે ''લાંચ'' છે. મિશ્કાત શરીફમાં છે : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કબીલા અઝદના ઈબ્ને લુત્બિય્યહ નામના એક શખ્સને ઝકાત વસૂલ કરવાને માટે મોકલ્યો. જ્યારે તે ઝકાત વસૂલ કરીને લાવ્યો તો અર્ઝ કરી કે,* ***''આ બૈતુલ માલનું છે અને આ મને હદિયો આપવામાં આવ્યો છે.''*** *આ સાંભળીને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ખુત્બો આપ્યો અને હમ્દો ષના પછી ઈર્શાદ ફર્માવ્યો, ''હું તમારામાંથી અમુક લોકોને મુકર્રર કરું છે જેનો અલ્લાહે મને મુતવલ્લી બનાવ્યો છે, તો એમનામાંથી એક આવીને કહે છે કે આ તમારું છે અને આ મને હદિયામાં આપવામાં આવ્યું છે ! તો તે પોતાના બાપના કે માંના ઘરે કેમ ન બેસી ગયો ? પછી જોતો કે તેને હદિયો મળે છે કે નહીં ?! (પેજ–૧૫૬) આ હદીષે પાકથી જાહેર થયું કે* ***જે ચીજ હોદ્દાના કારણે મળે તે લાંચ*** *છે. –(૧૨/ફારૂકી ગુફિરલહૂ)*

કુર્આન શરીફમાં આ વિશે સખત હુકમ છે અને એનું હરામ હોવું બયાન કરવામાં આવ્યું છે તથા હદીષે પાકમાં છે :–

''અલ્લાહ તઆલાની લઅનત છે રિશ્વત લેનાર તથા દેનાર બંનેવ પર.'' *(મુસ્નદે ઈમામ અહમદ, ભાગ–૨, પેજ–૩૮૭)*

એટલે કે લાંચ લેનાર લઅનતનો હક્કદાર છે અને આપનાર પણ આ જ હુકમમાં દાખલ છે જ્યારે કે નાજાઈઝ વસ્તુ માટે રિશ્વત આપે અથવા મજબૂરી વિના રિશ્વત આપે. પણ જો જુલ્મને દૂર કરવા માટે અથવા જાઈઝ હક્કને હાંસલ કરવા માટે જ્યારે રિશ્વત આપ્યા વિના ચારો ન હોય તો આ હુકમથી અલગ છે અને આપનારને ધમકી લાગુ થતી નથી.

## જ્યારે કુર્આને પાક ગાઈને પઢવામાં આવે

તજવીદના કાયદાઓનું પાલન કરશે નહીં અને કિરઅતનો જે તરીકો હુઝૂર તાજદારે મદીના ﷺ ના જમાનાથી ચાલતો આવ્યો છે તેનું પાલન કરવામાં આવે નહીં. ગાયનના તરીકાથી ઉતાર ચઢાવ સાથે કુર્આન પઢશે અથવા સંગીત સાથે કુર્આન શરીફની તિલાવત કરશે.

ઈમામ જલાલુદ્દીન સિયૂતીની કિતાબ **''ઈત્કાન ફી ઉલૂમિલ કુર્આન''**માં છે કે લોકોએ કુર્આનની તિલાવતમાં ગીત સૂર પૈદા કરી લીધો છે. તાજદારે દો આલમ ﷺ એ આવા લોકો વિશે ફર્માવ્યું છે કે એમના દિલ ફિત્નામાં છે, અને જેમને આ લોકોની હાલત પસંદ હોય એમના દિલ પણ ફિત્નામાં છે.

જે તરીકાઓ આ લોકો (કારીઓ)એ ઉપજાવી કાઢયા છે એમાંથી એકનું નામ ''તરઈદ'' રાખ્યું છે અને તે એ છે કે કારી કાંપતો અવાજ બનાવે, જાણે એ ઠંડકથી અથવા તકલીફથી કાંપી



રહ્યો છે. અને એક તરીકાનું નામ ''તરકીસ'' રાખ્યું તે એ છે કે કારી હર્ફે સાકિન પર સુકૂતનો ઈરાદો કરે પછી ત્યાંથી હરકત સાથે ચાલવા લાગે, (પઢવા લાગે) જેમ કે દોડ લગાડી રહ્યો છે. એક તરીકો એ પણ કાઢયો છે જેનું નામ ''તતરીબ'' રાખ્યું તે એ છે કે કારી કુર્આન શરીફને તરન્નુમથી અને લહનથી પઢે એવી રીતે કે જ્યાં મદ નથી કરવામાં આવ્યો ત્યાં મદ કરે (ખેંચે) અને ખેંચવામાં કાઈદાના વિરૂધ્ધ વધારો કરે. અને એક તરીકાનું નામ ''તહઝીન'' છે તે એ છે કે કુર્આને કરીમ ગમગીન અંદાઝમાં પઢે જેમ કે ખુશૂઅ ખુઝૂઅથી રડવા લાગે. *(ઈત્કાન, ભાગ–૨, પેજ–૧૦૧)*

**અકુલ** (લેખક કહે છે) : આમાં કંઈ વાંધો ન હોવો જોઈએ જ્યારે કે તજવીદ સાથે પઢે અને કિરઅતના કાયદાઓનો ખયાલ રાખે, દેખાડો કરવું મકસદ ન હોય અને અચાનક રિક્કત તારી થઈ જાય. એટલા માટે ઓલમાએ સ્પષ્ટતા કરી એમાં ઈમામ જલાલુદ્દીન સિયૂતી પણ છે જે આ જ કિતાબ ''ઈત્કાન''માં ફર્માવે છે કે કિરઅતે કુર્આનના સમયે રડવું મુસ્તહબ છે અને જે રડવા પર કાદિર ન હોય તે રડવા જેવી સૂરત બનાવે. ગમ તથા ખુશૂઅ તિલાવતના સમયે પસંદીદા છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَيَخِرُّوْنَ لِلْأَذْقَانِ يَبْكُوْنَ ''હડપચીભેર પડે છે રડે છે.'' *(પારા–૧૫, સૂરએ અસરા, આ. ૧૦૯)*

અને બુખારી તથા મુસ્લિમ શરીફમાં આ હદીષ છે જેમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે નબીએ અકરમ ﷺ માટે કુર્આનની તિલાવત કરી. હઝરત અબ્દુલ્લાહએ જોયું કે અચાનક તાજદારે મદીના ﷺ ની આંખોથી આંસૂ વહી રહ્યાં છે.

અને બૈહકી "શોઅબુલ ઈમાન"માં હઝરત સઅદ ઈબ્ને માલિકથી મરફૂઅન્ રિવાયત કરે છે કે, "બેશક ! કુર્આન ગમ અને બેચૈનીની હાલતમાં ઉતર્યું છે, તો જ્યારે તમે એને પઢો તો રડો. વળી જો તમને રડવું ન આવે તો રડવા જેવી સૂરત બનાવો." અને એમાં જ અબ્દુલ માલિક ઈબ્ને ઉમેરથી મુર્સલ હદીષમાંથી એક હદીષ છે કે, "અલ્લાહના હબીબ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યું, તમારા ઉપર એક સૂરતની તિલાવત કરું છું તો જે રડે એના માટે જન્નત છે. વળી જો તમને રડવું ન આવે તો રડવા જેવા બનો."

મુસ્નદે અબૂ યઅલામાં છે કે, "કુર્આનને ગમ સાથે પઢો કારણ કે એ ગમ સાથે ઉતર્યું છે." અને તિબ્રાનીમાં છે કે, "લોકોમાં બધાથી સારો ક઼ારી એ છે જે કુર્આન પઢે તો ગમગીન થાય."

"શરહુલ મુહઝબ"માં ફર્માવ્યું કે, રડવાનો તરીક઼ો એ છે કે જે પઢી રહ્યો છે એમાં ધમકીઓ, સખત વઈદો અને જે વાયદાઓ છે એમાં ગૌર ફિક્ર (ચિંતન મનન) કરે. પછી પોતાની સુસ્તી તથા આળસને યાદ કરે. જો હવે પણ રડવું ન આવે અને ગમગીન ન થાય તો એ વાત ન મળવા પર રડે, કારણ કે એ મુસીબતોમાંથી છે. *(ઈત્ક઼ાન, ભાગ–૨, પેજ–૧૦૭)*

અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ ફર્માવે છે :–

આ (ઉપરોક્ત તરીક઼ાઓ)માં એક બિદઅત એ છે કે ઘણા બધા લોકો ભેગા થઈને એક અવાજથી પઢે છે أفلاتعقلون ને أفل تعقلون પઢે છે. અને قالواآمنا વાવને ખતમ કરી قال آمنا પઢે છે. જ્યાં મદ (ખેંચવું) નથી ત્યાં મદ કરે છે જેથી જે એમને પઢ્યું છે એમનો તરીક઼ો બની જાય. અને યોગ્ય તો એ છે કે એનું નામ "તહરીફ" (બદલી નાખવું) રાખવામાં આવે. *(ઈત્ક઼ાન, ભાગ–૨, પેજ–૧૦૨)*



**અક઼ુલ** (લેખક કહે છે) બેશક ! તહરીફ (ફેરફાર કરવું) છે અને ઈરાદાપૂર્વકથી આ પ્રમાણે પઢનાર તહરીફ (ફેરફાર) કરનાર કહેવામાં આવશે. આથી સ્પષ્ટ થયું કે કેવળ સારો અવાજ અને ખુશ ઈલ્હાની જ્યારે કે એ વધારા ઘટાડાથી પાક હોય, અને કુર્આનના ક઼ાયદાઓની કાળજી રાખવામાં આવી હોય તો એમાં કંઈ વાંધો નથી, બલ્કે એ સુન્નત પ્રમાણે (મસ્નૂન) છે.

ઈબ્ને હબ્બાનની હદીષ વગેરેમાં છે :–

(અર્થ) : કુર્આનને તમારા અવાજો વડે સજાવો એટલા માટે કે સારો અવાજ કુર્આનના હુસ્નને વધારે છે. અને બઝ્ઝાર વગેરે એ હદીષ રિવાયત કરી કે : સારો અવાજ કુર્આનની શોભા છે અને જો ક઼ારી ખુશ અવાજ ન હોય તો શક્ય હોય ત્યાં સુધી સારો અવાજ બનાવે પરોવવાની કોશિશમાં "તમતીત"ની હદ સુધી ન પહોંચે." *(ઈત્ક઼ાન, ભાગ–૨, પેજ–૧૦૭)*

આ પરથી જણાયું કે "તમતીત" જે નાજાઈઝ છે તે એ છે કે "મદ"માં ખૂબ જ અતિશયોક્તિ કરે અને ઝબર, ઝેર, પેશ જાહેર કરવામાં અતિશયોક્તિ કરે, એટલે સુધી કે ઝબરથી "અલિફ", પેશથી "વાવ" ઝેરથી "યે" જાહેર થઈ જાય, અથવા જ્યાં ઈદગામની જગા નથી ત્યાં ઈદગામ કરે.

હદીષ શરીફમાં છે : સરકારે મદીના ﷺ ફર્માવે છેઃ–

"કુર્આન કરીમ અરબોના તરીક઼ા અને એમની અવાજ સાથે પઢો અને યહૂદી તથા નસારાના તરીક઼ાથી પોતાને દૂર રાખો અને ફાસિક઼ોના★ તરીકાથી બચો, એટલા માટે કે અમુક એવા

***★ આજે આ વાત વર્તમાનકાળના હાફિઝો તથા ક઼ારીઓમાં સામાન્યતઃ અનુભવી શકાય છે કે ખુશ ઈલ્હાની તથા ઉતાર ચઢાવનો ખૂબ ખયાલ કરે છે ભલે વરસના ૧૧*** *(Continue....)*

આવશે જે કુર્આનમાં સંગીત જેમ "તરજીઅ" (ઉતાર ચઢાવ)થી કામ લેશે અને રહબાનીઓના તરીકા જેમ પઢશે. કુર્આને પાક એમના ગળાથી નીચે ઉતરશે નહીં. એમના દિલ ફિત્નાઓમાં પડેલાં છે અને એમનાં દિલ પણ જેમને આ લોકોની આવી હાલત ભલી લાગતી હોય." આ હદીષને તબ્રાની અને બયહકી⍟એ રિવાયત કરી છે. *(ઈત્ક઼ાન, ભાગ–૨, પેજ–૧૦૭)*

તિલાવતમાં એક ખરાબ તરીક઼ો એ પણ છે કે સ્ત્રીઓનો અવાજ બનાવીને તિલાવત કરે એ નાજાઈઝ છે.

ઓલમા ફર્માવે છે કે તફખીમ સાથે પઢવું મતલૂબ છે એટલે

---

*(Continue....)* ***મહીના નમાઝની નજીક સુધી ન ગયા, દાઢી મૂંડાવી, હરામમાં પડયા અને રમઝાન આવતાં જ મુસલ્લા પર ઉભા રહી કુર્આન સંભળાવવા લાગ્યા. હદ તો એ છે કે પબ્લિક પણ સાચી ક઼િરાઅત કરતા ક઼ારીઓને પીઠ પાછળ રાખીને ગાયન જેવી ક઼િરાઅત તથા સ્ત્રીઓ જેવા અવાજવાળા ક઼ારીઓ પસંદ કરે છે, ભલે ને તેઓ મખરજોની સહીહ અદાયગી તથા તજવીદથી અજ્ઞાન હોય.*** –૧૨, ફારૂક઼ી ગુફિલરહૂ

*⍟ આ હદીષે પાકને મિશ્કાતના કર્તાએ પેજ–૧૯૧ પર અને તયસીરના કર્તાએ ભાગ–૨, પેજ–૧૯૪ પર હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہથી આ શબ્દોમાં રિવાયત કરી, (અર્થ) : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, "કુર્આન મજીદ અરબના લહનો (લહેજાઓ)માં પઢો અને યહૂદ તથા નસારા તથા ઈશ્ક઼વાળાઓના લહેજાઓથી બચો કે નજીકમાં જ મારા પછી કેટલાક એવા લોકો આવનારા છે જેઓ કુર્આનને પઢશે આ... આ... કરીને જાણે ગાયનની ધુનો અને પાદરીઓ અને મર્ષિયો ગાનારાઓના ઉતાર ચઢાવ ! કુર્આન તેઓના ગળેથી નીચે ઉતરશે નહીં. (એટલે કે એમનાં દિલો પર કાંઈ અસર કરશે નહીં) ફિત્નામાં હશે તેમનાં દિલ, અને જેમને તેમની આ હરકત (એટલે કે આ પ્રકારની ઉતાર ચઢાવવાળી ક઼િરાઅત) પસંદ આવશે તેમનાં દિલ પણ."*



હાકિમની હદીષમાં છે : કુર્આન તફખીમ સાથે ઉતર્યું. હલીમીએ ફર્માવ્યું, "તફખીમ"નો અર્થ છે કુર્આનને મર્દોની તિલાવતના તરીક઼ા પર પઢે અને એમાં સ્ત્રીઓની બોલી જેમ અવાજને ન દબાવે. *(ઈત્ક઼ાન, ભાગ–૨, પેજ–૧૦૭, ૧૦૮)*

## જ્યારે ઔલાદ દિલની તકલીફ બની જાય !

એટલે કે જ્યારે ઔલાદમાં માં બાપની નાફર્માની★ વધી જાય. માં બાપની નાફર્માની અલ્લાહ જબ્બારો કહ્હારની નાફર્માની છે, એમની નારાજગી અલ્લાહ તઆલાની નારાજગી છે. **આદમી માં બાપને રાજી કરી લે તો એના માટે**

---

*★ આજે માં બાપની નાફર્માનીનો મામલો પણ આસાનીપૂર્વક જોવા મળે છે. જ્યારે કે માં બાપની નાફર્માની તો દૂરની વાત છે કુર્આને અઝીમે તેમની સાથે ઊંચા અવાજે વાત કરવા બલ્કે ઉફ કે હૂં સુદ્ધાં કહેવાની સખ્ત મનાઈ ફર્માવી છે. જેમ કે ઈર્શાદે બારી તઆલા છે :* **وَلَاتَقُلْ لَّهُمَآاُفٍّ وَّلَاتَنْهَرْهُمَا وَقُلْ لَّهُمَاقَوْلًا كَرِيْمًا** *"તો તેમને હૂં ન કહેશો અને તેમને ન તતડાવશો અને તેમની સાથે તા'ઝીમની વાત કહેશો." (પારા–૧૫, સૂ. અસ્રા, આ. ૨૩, કન્ઝુલ ઈમાન)*

*પરંતુ આજે મામલો તેનાથી તદ્દન ઉલ્ટો છે. અમે એવા પુત્રોને પણ જોયા છે જેઓ વૃદ્ધાવસ્થામાં પોતાનાં મા બાપની ખિદમત તથા આજ્ઞાપાલન કરવાને બદલે તેમને જાત જાતની તકલીફો આપે છે, બીમાર માં બાપ દવા સુદ્ધાં માટે મોહતાજ છે, કોઈ હાલ પૂછનાર નથી. એટલે સુધી કે પોતાની પત્નીને રાજી રાખવા માટે તેમને મારપીટ કરીને ઘરોએથી પણ કાઢી મૂકે છે જે તેમની દુનિયા તથા આખેરતની બર્બાદીનો સબબ છે. જેમ કે ખૂદ આ હદીષમાં એને ક઼યામતની નિશાનીઓમાં ગણેલ છે કે પુરૂષ પોતાની પત્નીનું આજ્ઞાપાલન કરે અને માંની નાફર્માની કરે અને બાપને દૂર રાખે. (૧૨, ફારૂક઼ી ગુફિરલહૂ)*

**જન્નત છે અને જો નારાજ કરે તો આ જ વસ્તુ એના માટે દોઝખમાં જવાનું કારણ પણ બની શકે છે.**

**જ્યાં સુધી માં બાપને રાજી નહીં કરે ત્યાં સુધી એનો કોઈ ફર્ઝ, કોઈ નફ્લ કોઈ અમલ કબૂલ નથી.** આખેરતનાં અઝાબ સિવાય **દુનિયામાં જ એના ઉપર સખ્ત બલાઓ** નાઝિલ થશે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલે મોહતરમ ﷺ એ ફર્માવ્યું :–

"અલ્લાહની ઈતાઅત વાલિદની ઈતાઅત (આજ્ઞાપાલન) છે અલ્લાહની નાફર્માની વાલિદની નાફર્માની છે." *(મજમઉઝ્ ઝવાઈદ, ભાગ–૮, પેજ–૧૩૬)*

તેમજ ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ :

"બધા ગુનાહની સજા અલ્લાહ તઆલા ઈચ્છે તો ક઼યામતના દિવસ સુધી ન આપે, પરંતુ માં બાપની નાફર્માનીની સજા અલ્લાહ તઆલા દુનિયામાં જ નાફર્માનને આપી દે છે." *(હાકિમ મુસ્તદરક, ભાગ–૪, પેજ–૧૫૬)*

અલ્લાહના પ્યારા નબી ﷺ નું પ્યારું ફર્માન છે :–

"મલઊન છે તે માણસ જે પોતાના માં બાપને સતાવે છે. મલઊન છે તે જે પોતાના વાલિદૈનને સતાવે. મલઊન છે જે પોતાના વાલિદૈનને સતાવે." *(તરગીબ, ભાગ–૩, પેજ–૨૮૭)*

ઈમામે ઈશ્કો મહોબ્બત આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે : વાલિદૈન સાથે નેકી ફક્ત એ નથી કે એમના હુકમની પાબંદી કરી એમની વિરૂધ્ધ ન કરે, બલ્કે એમના સાથે નેકી એ પણ છે કે કોઈ એવું કામ ન કરે જે એમને પસંદ ન હોય, કારણ કે એમની ફર્માબરદારી અને એમને ખુશ રાખવાં



વાજિબ છે તથા નાફર્માની અને નારાજગી હરામ છે. *(હુક઼ૂકુલ વાલિદૈન, ૩૮)*

હદીષ શરીફમાં છે કે એક સહાબી મદની આક઼ા ﷺ ની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એક રસ્તા પર જેના પથ્થર એવા હતા કે ગોશ્ત રાખવામાં આવે તો ક઼બાબ બની જાય, એવા રસ્તા પર હું મારી માંને સાત માઈલ સુધી પોતાની ગરદન પર લઈને ચાલ્યો ! શું મેં મારી માંનો હક્ક઼ અદા કરી આપ્યો ?! આપે ફર્માવ્યું, તારા પૈદા થવામાં જેટલા દર્દના ઝટકા તારી માં એ ઉઠાવ્યા છે કદાચ એમાંથી એક ઝટકાનો હક્ક઼ અદા થઈ શક્યો ! *(મજમઉઝ્ ઝવાઈદ, ૮, પેજ–૧૩૭)*

સારાંશ કે માં બાપના હક્કો એ છે કે કદાચ જ માણસ એને પૂરા કરી શકે. માં બાપ તારી જિંદગીનો સબબ છે, જે કંઈ નેઅમતો તને મળી છે એ બધી જ તારા માં બાપના સદક઼ામાં છે કારણ કે દરેક નેઅમત, કમાલ, તારા વજૂદ પર છે અને વજૂદનો સબબ માં બાપ છે. તો કેવળ "માં બાપ" હોવું જ આટલા મોટા હક્ક઼નું કારણ છે જેનાથી તું કદી છૂટકારો નથી પામી શક્તો. એમની તકલીફો ખાસ કરીને પેટમાં રાખ્યો, પૈદા કર્યો, દૂધ પીવડાવવામાં માંની તકલીફો...એમનો શુક્ર ક્યાં સુધી અદા કરી શકે છે ?!

## જ્યારે ઓલમા માલદારો સામે છાતી પર હાથ રાખી નમે

આથી મુરાદ ઓલમા★ની જમાઅતમાંથી તે ફાસિક઼ો છે

*★ રુશ્દો હિદાયતના માર્ગેથી ભટકનારા આલિમો (ઉલમાએ સૂ) જ સામાન્યતઃ માલદારોની પાસે જાય છે અને થોડાક સિક્કાઓ ખાતર પોતાની ઈજ્જત તથા વક઼ાર તેમની પાસે ગીરો રાખી દે છે.* *(Continue....)*

જેઓ માલ દૌલતની લાલચમાં અમીરો સામે નમશે, જેનું પરિણામ એ આવશે કે હલાલને હરામ અને હરામને હલાલ બનાવી આપશે, અને દુનિયાદાર માલદારોને એમની ઈચ્છા પ્રમાણે ફતવા આપશે, જેવું કે હદીષ શરીફમાં બયાન છે. આનો હેતુ ઓલમા તથા અવામ બંનેવને સાવચેત કરવાનો છે.

ઈમામ જલાલુદ્દીન સિયૂતી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકથી પોતાની કિતાબ "અલ્લા લિયુલ્ મસ્નૂઆ"માં હદીષ રિવાયત કરે છે :–

---

*(Continue....) જેમ કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં કેટલાક એવા લોકો થશે જેઓ દીનની સમજ હાંસલ કરશે અને કુર્આન પઢશે પછી માલદારો પાસે જશે અને કહેશે કે અમે માલદારો પાસે જઈએ છીએ અને તેમની પાસેથી દુનિયા હાંસલ કરીએ છીએ અને અમારો દીન બચાવીને અલગ થઈ જઈએ છીએ, જ્યારે કે એવું થઈ જ નથી શક્તું. જેવી રીતે કતાદ (એક કાંટાઘર ઝાડ)થી કાંટાઓ સિવાય કાંઈ નથી મળી શક્તું એવી રીતે માલદારોની નિકટતાથી કાંઈ નથી મળી શક્તું. (સુનને ઈબ્ને માજહ, પેજ–૨૩)*

*હઝરત ઈબ્ને મસઊદ رضي الله عنه ફર્માવે છે : જો ઉલમા પોતાનો ઈલ્મ સલામત રાખત અને તે જ લાયકાતવાળા માણસો પાછળ વાપરત તો જમાનાના સરદાર બની જાત, પણ તેમણે દુનિયા પ્રાપ્તિ માટે પોતાનો ઈલ્મ દુનિયાવાળાઓ પાછળ ખર્ચ કર્યો જેના કારણે જમાનાવાળાઓની નજરમાં ઝલીલો ખ્વાર (બેઈજ્જત) થઈ ગયા. (મિશ્કાત શરીફ, પેજ–૩૭)*

*આજે આ મન્ઝર પણ આપણી નજરો સમક્ષ છે કે ઉલમાએ આખેરતથી બેફિકર થઈને આ ફાની દુનિયાની પ્રાપ્તિને જ પોતાના ઈલ્મનો મક઼સદ બનાવી રાખ્યો છે અને રાજકીય નેતા બનવા અને ખ્યાતિ તથા દોલત હાંસલ કરવામાં વ્યસ્ત છે. અમુક આખેરતથી બેપરવા નામ માત્રના આલિમો અખ્બારોમાં છપાવાને પોતાની મેઅરાજ સમજે છે અને જાત જાતના નિરર્થક તથા ગુમરાહ કરનારાં નિવેદનો આપીને ક઼ૌમ તથા ક઼ૌમના જિમ્મેદારોને બદ્નામ કરે છે. (૧૨, ફારૂક઼ી ગુફિરલહૂ)*



આ હદીષ ઈબ્ને મુબારકે અબૂ મઅનથી અને અબૂ મઅને હઝરત સુહેલ ઈબ્ને હસ્સાન કલ્બીથી રિવાયત કરી છે કે અલ્લાહના રસૂલ صلى الله عليه وسلم ઈર્શાદ ફર્માવે છે, "બેશક ! એ ચીકણી લપસણી ચટ્ટાન જેના ઉપર ઓલમાના પગ રહેતા નથી તે લાલચ છે." *(ભાગ–૧, પેજ–૨૧૦)*

આ જ કિતાબમાં હઝરત અનસથી મરફૂઅન રિવાયત છે કે "ઓલમા અલ્લાહના રસૂલોના બંદાઓ પાસે અમીન છે જ્યાં સુધી બાદશાહને ન મળે અન્ય દુનિયામાં દખલ ન આપે. જ્યારે દુનિયામાં દખલ આપશે અને બાદશાહોને મળશે તો બેશક ! એમને રસૂલો સાથે ખયાનત કરી, તો એમનાથી દૂર રહો." *(ભાગ–૧, પેજ–૨૧૯)*

પરંતુ બધા ઓલમાની હાલત આવી નથી "બુખારી શરીફ"માં હઝરત અમીર મુઆવિયહ رضي الله عنه થી એક હદીષ રિવાયત છે, સરકારે દો આલમ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા જેના સાથે ભલાઈનો ઈરાદો ફર્માવે છે તો એને ફક઼ીહ (દીનની સમજ રાખનાર) બનાવે છે. હું તો વહેંચનાર છું અને અલ્લાહ અતા કરે છે. મારી ઉમ્મતનો એક ગિરોહ અલ્લાહ તઆલાનો હુકમ આવતા સુધી અલ્લાહના દીન પર ક઼ાઈમ રહેશે. એમનો વિરોધ કરનાર એમને કાંઈ નુકસાન પહોંચાડી નહીં શકે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૬૧)*

આ હદીષથી ખબર પડી કે ક઼યામત સુધી નેક ઓલમા જે શરીઅતના પાસબાન અને દીનના ફક઼ીહ છે થતા રહેશે, એ પોતે દીન પર ક઼ાઈમ રહેશે અને એમની બરકતથી એમના સાચા ગુલામો પણ જે અહલે સુન્નત વ જમાઅત છે દીન પર ક઼ાઈમ રહેશે.

જે હદીષ કિતાબના શરૂમાં બયાન કરવામાં આવી છે એમાં ખૂદ આ શબ્દો મૌજૂદ છે કે ક઼ારીઓનો વધારો થશે અને ફક઼ીહો (દીનની સમજ રાખનાર) ઓછા રહી જશે. આથી સ્પષ્ટ થાય છે કે આવા નેક લોકો ક઼યામત આવતા સુધી પૈદા થતા રહેશે. આ જે બયાન ફર્માવ્યું કે ક઼ારીઓનો વધારે થશે એનાથી મુરાદ એ લોકો છે જે કુર્આન તો પઢશે પરંતું એના અર્થમાં કોઈ સમજ ગૌર ફિક્ર કરશે નહીં. આવી રીતે એ તરીક઼ો જે સહાબાએ કિરામે તાજદારે મદીનાથી લીધો અને સહાબાના પછી ચાલતો રહ્યો તેને લોકો છોડી દેશે.

હઝરત અબૂ અબ્દુલ્લાહ સુલમીથી રિવાયત છે :–

ફર્માવ્યું કે મને હદીષ બયાન કરી એ સહાબીએ જે અમોને કુર્આન શરીફનું દર્સ આપતા હતા. ફર્માવ્યું, અમો અલ્લાહના નબી ﷺ થી દસ આયતો શીખતા તો બીજી દસ આયતો ત્યાં સુધી ન પઢતા જ્યાં સુધી આ દસ આયતોમાં જે ઈલ્મ તથા અમલ છે તે જાણી ન લેતા. હુઝૂર અમોને ઈલ્મ તથા અમલ બંનેવની તા'લીમ ફર્માવતા હતા.

આ હદીષે પાકથી ખબર પડી કે હુઝૂર ﷺ ને કાયનાતના બધા જ વાક્યાની ખબર છે, ભૂત, વર્તમાન, ભાવિ બધાનો ઈલ્મ છે, દુનિયાની નાનામાં નાની વસ્તુ હુઝૂર ﷺ ની નિગાહે પાક સામે છે. ક઼યામત નજીકની નિશાનીઓ અને ખૂદ ક઼યામત બધું જ મુશાહેદામાં (દૃષ્ટિ સમક્ષ) છે.

ઓલમા ફર્માવે છે હુઝૂર ﷺ દુનિયાથી તશરીફ એવી હાલતમાં લઈ ગયા કે અલ્લાહ તઆલાએ આપને એ ઈલ્મ પણ આપી દીધો કે ક઼યામત ક્યારે આવશે. એના સમયને લોકોથી છુપાવેલો રાખવાનો સરકાર ﷺને હુકમ આપવામાં



આવ્યો અને અમુક હદીષોથી તો ક઼યામતની હાલતોનું પણ આપની નિગાહો સામે હોવું સાબિત છે.

ઓલમાએ કિરામની આ રાયની તાઈદ (સમર્થન) એક બીજી હદીષે પાકથી પણ થાય છે. આ હદીષ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે જે "કન્ઝુલ ઉમ્માલ" ભાગ–૧૪, પેજ–૫૮૩ પર મૌજૂદ છે અને ઘણી લાંબી હદીષ છે. એમાં હઝરત ઈસા علیہ السلام ના દફન થયા બાદ થોડા સમય પછી એક હવાનો ઝિક્ર છે જે યમન તરફથી ચાલશે. જમીન પર જેટલા મુસલમાનો એ સમયે હશે આ હવા એમની રૂહને ક઼બ્ઝ કરી લેશે અને કુર્આનને એક જ રાતમાં ઉઠાવી લેવામાં આવશે. તો ઈન્સાનોના સીનાઓ તથા એમનાં ઘરોમાં એમાંથી કશું પણ બચશે નહીં. જેથી એવા લોકો રહી જશે જેમાં ન કોઈ નબી હશે, ન કુર્આનનો ઈલ્મ, અને ન કોઈ મુસલમાન.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ફર્માવે છે કે અહીંયાં અમારાથી ક઼યામત ક઼ાયમ થવાનો સમય છુપાવી લેવામાં આવ્યો તો અમો નથી જાણતા કે એ લોકોને કેટલી મોહલત આપવામાં આવશે.

આ હદીષથી સ્પષ્ટ છે કે સહાબાએ કિરામ પોતાના વિશે આ ખબર આપી રહ્યા છે કે એમનાથી ક઼યામતનો સમય છુપાવી લેવામાં આવ્યો અને છુપાવવાવાળા હુઝૂર પૂરનૂર ﷺ છે. તો આ છુપાવવું એ એ વાતની દલીલ છે કે સરકાર ﷺ ને ક઼યામત ક઼ાયમ થવાના સમયની ખબર હતી પરંતુ બતાવવાનો હુકમ ન હતો એટલે સહાબાએ કિરામથી છુપાવ્યું.

"બુખારી શરીફ"માં હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર رضی اللہ عنہما થી નબીએ પાક ﷺ એ ઈર્શાદ ફર્માવ્યું, કોઈ એવી

વસ્તુ નથી જે મેં આથી પેહલાં જોઈ ન હોય પરંતુ મેં એ વસ્તુઓને આ મુકામ પર જોઈ. એટલે કે જન્નત દોઝખનો મુશાહેદો કર્યો અને બેશક ! મારી તરફ વહી આવે છે કે તમો તમારી કબ્રોમાં અજમાવવામાં આવશો દજ્જાલના ફિત્નાની જેમ અથવા એનાથી કરીબ તમારામાંથી દરેક પાસે ફરિશ્તા આવશે તો પૂછવામાં આવશે આ શખ્સ વિશે (એટલે કે હુઝૂર વિશે) તમારો શું ઈલ્મ છે ? તો મો'મિન કહેશે કે આ મુહમ્મદ ﷺ અલ્લાહ તઆલાના રસૂલ છે, અમારા પાસે રોશન નિશાનીઓ અને હિદાયત લઈને આવ્યા તો અમે એમનું કહેવાનું માન્યું અને ઈમાન લાવ્યા અને એમની પૈરવી કરી. તો એનાથી કહેવામાં આવશે, સૂઈ જા ! ભલા ! એને કહેવામાં આવશે, અમને ખબર હતી કે બેશક ! તું મો'મિન છે. અને મુનાફિક કહેશે કે હું નથી જાણતો ! મેં લોકોને કશું કહેતાં સાંભળ્યા હતા તો મેં પણ એ જ કહ્યું. *(બુખારી શરીફ, પેજ–૩૦, ૩૧)*

## જ્યારે મસ્જિદો સજાવવામાં આવે

અહીં એ વાત કાબિલે ઝિક્ર (નોંધપાત્ર) છે કે કયામતના નજીકની નિશાનીઓમાં જે વાતો બયાન કરવામાં આવી છે તે બધી નાજાઈઝ કે હરામ નથી, એમાંથી અમુક એવી પણ છે જે જાઈઝ તથા મુબાહ છે. દા.ત. કુર્આન શરીફને સોના ચાંદીથી સજાવવું અને મસ્જિદને નક્શીકામથી સજાવવું મુબાહ કામ છે★.

★ *પરંતુ અફસોસ કે આજે આપણી મસ્જિદો દિલને વેરવિખેર કરી દેનારા રંગબેરંગી ટાઈલ્સ, આકર્ષક ઝાલરો, લેમ્પો, સપ્તરંગી ઝબુકિયાંઓ, દિલ આકર્ષક મરસરવાળી ફર્શો, મોઘાં મોઘાં નક્શી કામોવાળા પર્દાઓ, ઊંચા ઊંચા મીનારાઓ અને અન્ય* ***દુનિયાવી સાજો શણગારો તથા આરામ અને રાહતની ચીજો (A.C. વગેરે)થી તો સજેલી છે પણ નમાઝીઓથી એકદમ ખાલી છે !*** (Continue...)



દુર્રે મુખ્તાર, ભાગ–૬, પેજ–૩૮૬ માં છે :–

"મુસ્હફ (કુર્આન)ને એની તા'ઝીમના કારણે સોના તથા ચાંદીથી સજાવવું જાઈઝ છે, જેવું કે મસ્જિદને સજાવવું."

અને મસ્જિદમાં નક્શીકામ જાઈઝ હોવા પર ખૂદ હદીષે ઈબ્ને અબ્બાસ શાહિદ છે. ફર્માવ્યું, તમે જરૂર મસ્જિદોને નક્શીકામ કરો. અને હુઝૂર ﷺ થી આ વિશે મુમાનેઅત (મનાઈ) નકલ કરવામાં આવી નથી.

ખૂદ હઝરત ઉષ્માન ઈબ્ને અફફાન رضی اللہ عنہનો અમલ એના

*(Continue...) સાચુ કહ્યું કોઈ કહેનારે કે :–*

***મસ્જિદ તો બના લી શબભરમેં ઈમાં કી હરારતવાલોંને***
***મન અપના પુરાના પાપી થા બરસોંમેં નમાઝી બન ન સકા***

*અને જેઓ નમાઝી છે તે દુનિયાની સર્વ વાતો લઈને મસ્જિદમાં જ બેસી જાય છે. જ્યારે ફકીહોએ મસ્જિદમાં દુનિયાની જાઈઝ વાતો પણ કરવાની મનાઈ ઠરાવી દીધી છે.*

*અને કયામતની નિશાનીઓમાંથી એ પણ છે કે લોકો મસ્જિદમાં દુનિયાની વાતો કરશે. જેમ કે કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૪માં છે : કયામત એ સમય સુધી નહીં આવે જ્યાં સુધી લોકો મસ્જિદોમાં ગર્વની વાતો ન કરવા લાગે.*

*બયહકીએ શોઅબુલ ઈમાનમાં ઈમામ હસન બસરીથી રિવાયત કરી કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે, લોકો પર એવો જમાનો આવશે કે મસ્જિદોમાં દુનિયાવી વાતો થતી રહેશે, તમે એમની પાસે ન બેસશો કે અલ્લાહને તેમની કોઈ પરવા નથી. (બહવાલા બહારે શરીઅત, જિલ્દ–૧, ભાગ–૩, પેજ–૧૮૧)*

*તેમજ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ કે, "જ્યારે તમે તમારી મસ્જિદોને સજાવવા લાગો અને કુર્આનને આકર્ષક બનાવવા લાગો તો સમજી લો કે તમારી બર્બાદીનો સમય નજીક છે. (કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૪, પેજ–૨૧૦)*

*–ફારૂકી ગુફિલરહૂ*

જાઈઝ હોવા પર આદિલ તથા સાક્ષી છે. ''બુખારી શરીફ''માં છે કે હુઝૂરે અકરમ ﷺના જમાનામાં મસ્જિદ કાચી ઈંટોથી બની હતી તથા એની છત ખજૂરના પાંદડાંની હતી તથા થાંભલા ખજૂરની લાકડીના હતા. પછી હઝરત અબૂ બક્ર رضی اللہ عنہએ એમાં કશો વધારો ન કર્યો અને હઝરત ઉમર رضی اللہ عنہએ એમાં વધારો કર્યો અને એવી રીતે બનાવી કે ઈંટ તથા ખજૂરના પાંદડાંથી જેવી હુઝૂર ﷺના જમાનામાં હતી એના થાંભલા પણ એવા જ રાખ્યા.

પછી હઝરત ઉષ્માન رضی اللہ عنہએ એમાં ઘણો વધારો કર્યો અને ઘાસફુસની દિવાલને નક્શીકામવાળા પથ્થર તથા ચુનાથી બનાવી એના થાંભલા નક્શીકામ કરેલ પથ્થર વડે બનાવ્યા અને કિંમતી લાકડીથી છત બનાવી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૬૪)*

આથી ખબર પડી કે દરેક નવી વાત જે રસૂલુલ્લાહ ﷺના જમાનામાં ન હતી તે નાજાઈઝ નથી બલ્કે આ (બિદઅત) કદી તો **વાજિબ** હોય છે. દા.ત. ગુમરાહોના રદ માટે દલીલો કાયમ કરવી તથા કિતાબ તથા સુન્નતને સમજવા માટે નહ્‌વ તથા સર્ફ વગેરે શીખવું. તથા કદી આ **મુસ્તહબ** હોય છે. દા.ત. મુસાફરખાનાં તથા મદરસા બનાવવા અને દરેક એ નેકી જે શરૂમાં ન હતી તથા આ (બિઅદત) કદી **મકરૂહ** હોય છે, દા.ત. એક કથન પ્રમાણે મસ્જિદનું નક્શીકામ. કદી **મુબાહ** હોય છે દા.ત. સ્વાદિષ્ટ ખાણુ, કપડા વગેરે. જેમ કે રદુલ મોહતરમાં છે ......અને કાઈદો એ છે કે જે વસ્તુથી અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَએ સખ્તી સાથે મનાઈ કરી તે નાજાઈઝ છે અને જેનાથી મનાઈ ન ફર્માવી તે નાજાઈઝ નથી બલ્કે મુબાહ છે. વસ્તુઓમાં અસલ મુબાહ હોવું છે.



## જ્યારે મહીના ટૂંકા થઈ જાય

''મજમએ બહરિલ્ અન્વાર''માં છે :–

ગ્રહ ગતિ વિજ્ઞાનીઓએ કહ્યું કે રાશી ચક્ર ભવિષ્યમાં વિષુવવૃત્ત પર બરાબર આવી જશે. ખુલાસો એ છે કે ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ વચમાં એક મોટું વર્તુળ માનવામાં આવ્યું છે જેનું અંતર બંનેવ ધ્રુવોના બરાબર છે એટલે કે એ મોટુ વર્તુળ ઉત્તર ધ્રુવથી ૯૦° (ડિગ્રી) પર છે અને દક્ષિણ ધ્રુવથી ૯૦° પર છે, અને આ જ મોટા વર્તુળનું નામ વિષુવવૃત્ત છે.

૧૨ માર્ચ તથા ૨૪ સપ્ટેમ્બરે સૂર્ય વિષુવવૃત્ત પર ગતિ કરે છે અને ૨૨ જૂને સૂર્ય જે બિંદુએથી ઉગે છે એ બિંદુથી ૨૩.૪૫° દક્ષિણમાં વિષુવવૃત્ત છે. એવી જ રીતે ૨૨ જૂને જે બિંદુ પર સૂર્ય આથમે છે એ બિંદુથી ૨૩.૪૫° દક્ષિણમાં વિષુવવૃત્ત છે.

અને ૨૨ ડિસેમ્બરે સૂર્ય જે બિંદુએથી ઉગે છે તે બિંદુએથી ૨૩.૪૫° ઉત્તરે વિષુવવૃત્ત છે.

એ જ પ્રમાણે ૨૨ ડિસેમ્બરે જે બિંદુ પર સૂર્ય ડૂબે છે તે બિંદુથી ૨૩.૪૫° ઉત્તરમાં વિષુવવૃત્ત છે, એટલે કે ૨૨ જૂન અને ૨૨ ડિસેમ્બરના આકાશની તદ્દન મધ્યમાં વિષુવવૃત્ત છે.

એ જ પ્રમાણે ૨૨ જૂન અને ૨૨ ડિસેમ્બરના આકાશના સૂર્યાસ્તના સ્થળની વચ્ચો વચ વિષુવવૃત્ત છે.

એને વિષુવવૃત્ત એટલા માટે કહે છે કે સૂર્ય જયારે એ વર્તુળના સામે આવે છે તો બધી જ જગ્યાએ રાત દિવસ એક સમાન હોય છે અને વિષુવવૃત્તને એવી રીતે કાપે છે કે બંનેવ ધ્રુવોમાં ૨૩.૪૫°નું અંતર રહે છે. આ મોટા વર્તુળને રાશી ચક્ર

કહે છે. આ વર્તુળથી તારાઓની ગતિની માત્રા, લંબાઈ તથા સૂર્યનો ઝુકાવ જાણવા મળે છે.

આથી ખબર પડી કે જ્યાં સુધી આ મોટુ વર્તુળ વિષુવવૃત્તને આવી રીતે કાપતુ ચાલશે કે જેથી ઉપરોક્ત તફાવત બંનેવમાં બાકી રહે, અને જ્યાં સુધી સૂર્યની ગતિ નિયમાનુસાર રહે.

તફસીરે કબીરમાં ઈમામ રાઝી وَاِذَا الشَّمۡسُ كُوِّرَتۡની તફસીરમાં એક ક઼ૌલ આ નકલ કર્યો છે : જ્યારે સૂર્ય આકાશથી નીચે નાખી દેવામાં આવે. *(તફસીરે કબીર, ભાગ–૩૧, પેજ–૬૬)*

આથી આ ક઼ૌલનું સમર્થન તથા હદીષનું સમર્થન તસ્દીક઼ હાંસલ થાય છે અને આ સૂરતમાં ખૂદ આયતે કરીમાથી હદીષની વિગતનું સમર્થન સાબિત છે અને હદીષની વિગત આયતના ભાવાર્થનું વર્ણન છે કે સૂર્ય જ્યારે પોતાના વર્તુળથી નીચે જે જમીનથી કરોડો માઈલ ઉપર છે પોતાના વર્તુળથી નીચે ફેંકવામાં આવશે તો સ્પષ્ટ છે કે એનું વર્તુળ નાનુ થતું જશે અને નીચે આવવાના કારણે એની ગતિ તેજ થઈ જશે તો અંતર પણ ઓછુ અને સૂર્યની ગતિ પણ તેજ થશે.

જાહેર છે કે જમાનાનું પ્રમાણ ઘટી જશે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી હદીષ મરવી છે કે જ્યારે ક઼યામત નજીક થશે તો જમાનો નિકટ થઈ જશે. તો વર્ષ મહિના જેમ અને મહિનો જુમ્આની જેમ અને જુમ્આની મુદ્દત એટલી હશે કે જેટલી વારમાં ખજૂરની લાકડી આગમાં બળી જાય. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪, પેજ–૨૨૭)*

વર્ષ તથા મહિના વગેરેની માત્રા ક઼ાયમી રહેશે અને આ ફાસલો જેટલો ઓછો થતો જશે એના પરિણામે રાશી ચક્ર ધીરે ધીરે વિષુવવૃત્તથી નજીક થતું જશે અને સમયનું માપ ઘટતુ જશે.



આથી સ્પષ્ટ થયું કે આ જે ફર્માવવામાં આવ્યું કે મહિના ઘટી જશે, પોતાના જાહેરી અર્થ પર છે અને કોઈ હક઼ીક઼ી કારણ અર્થથી રોકનાર નથી, તો એ જ અર્થ હક઼ીક઼તમાં મુરાદ છે. વ લિલ્લાહિલ હમ્દ.

બલ્કે બુખારી શરીફમાં આ બયાનનું સમર્થન કરતી હદીષ મૌજૂદ છે જેમાં تقارب الزمانફર્માવવામાં આવ્યું છે જેથી સમયોનું આપસમાં નજીક હોવું જાહેરી રીતે સમજમાં આવે છે. મુસ્લિમ શરીફની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ દજ્જાલનો ઝિક્ર કર્યો તો સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیۡهِمۡ اَجۡمَعِیۡنَએ અર્ઝ કરી, જમીનમાં દજ્જાલના રોકાવાની મુદ્દત કેટલી હશે ? ફર્માવ્યું, "ચાલીસ દિવસ, એક દિવસ એક વર્ષ જેમ અને એક દિવસ એક મહિના બરાબર અને એક દિવસ એક જુમ્આ બરાબર એટલે કે એક અઠવાડિયા બરાબર હશે અને દરજ્જાલના બાકી દિવસો તમારા દિવસો જેવા હશે." તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એ દિવસ જે એક વર્ષ બરાબર હશે તો શું અમારા માટે એક દિવસની નમાઝ પઢવી કાફી હશે. ફર્માવ્યું, ના ! બલ્કે એના માટે અંદાઝો રાખો.

અલ્લામા શલ્બી ઈમામ કમાલુદ્દીન હુમામથી હાશિયા તબયીનુલ હક઼ાઈક઼થી નક઼લ કરે છે, અમને આ હદીષ નક઼લ કર્યા બાદ ફર્માવ્યું, બેશક ! સરકાર ﷺએ આ ઈર્શાદમાં અસરની ૩૦૦ નમાઝો વાજિબ ફર્માવી એથી પહેલાં કે છાયો એક મિસ્લ અથવા બે મિસ્લ થાય. અને એની જ ઉપર બાકી નમાઝોને ક઼યાસ કરો. *(તબઈનુલ હક઼ાઈક઼–૧, પેજ–૮૧)*

આથી જાહેર થયું કે જમાનાનું નિકટ થવું તથા વર્ષ અને મહિનાની માત્રાનું ઘટવું પોતાના જાહેરી અર્થ પર છે જેમાં કોઈ

અર્થઘટનની ગુંજાઈશ નથી. બલ્કે મુસ્લિમ શરીફની હદીષ સાફ સાફ બયાન કરે છે. તથા એ પણ જાહેર થયું કે સૂર્યનું નીચે આવવું જે બયાન કરવામાં આવ્યું તેનું એ જ માત્રા પર ક઼ાયમ રહેવું જરૂરી નથી બલ્કે એમાં ધીરે ધીરે ઘટાડો થતો રહેશે, ઝડપભેર ઋતુનું બદલાવું એની દલીલ છે તથા એની રોશની પણ દલીલ છે.

કુર્આન શરીફમાં ફર્માવ્યું :–

والشمس تجری لمستقرلها ذلك تقدير العزيز العليم

''અને સૂર્ય ચાલે છે પોતાના વર્તુળ માટે આ હુકમ છે જબદસ્ત ઈલ્મવાળાનો.'' *(તર્જુમો : કન્ઝુલ ઈમાન)*

આયતે કરીમાથી સ્પષ્ટ છે કે સૂર્ય લગાતાર પોતાના ઠેકાણા તરફ ચાલી રહ્યો છે અને જ્યારે સૂર્ય પોતાના વર્તુળમાં ગતિમાન છે તો જરૂર એના માટે એક અંતર નિશ્ચિત છે જેને ક઼યામત સુધી સૂર્યએ પૂર્ણ કરવાનું છે. એટલે એ કોઈ પણ ઠેકાણે થોભતો નથી બલ્કે જ્યારે પણ કોઈ એક ઠેકાણે પહોંચે છે તો અલ્લાહ તઆલાના હુકમથી બીજા ઠેકાણા તરફ ચાલવા લાગે છે. આ જ ક્રમ ક઼યામત સુધી ચાલતો રહેશે.

તફસીરે કબીરમાં છે :–

''અને આ તક઼દીર પર જ્યારે લામ વખતના ફાયદા માટે હોય તો આયતનો અર્થ એ છે કે સૂર્ય પોતાના ઠેહરાવના જમાનામાં ચાલે છે એટલે જ્યારે કોઈ જમાનામાં કોઈ ઠેકાણે પહોંચે છે તો એને ચાલવાનો હુકમ થાય છે તો ચાલવા લાગે છે અને એ કે લામ, ઈલા હુવાના અર્થ એટલે કે સૂર્ય પોતાના ઠેકાણા તરફ ચાલી રહ્યો છે અને આ સ્પષ્ટતાનું સમર્થન આ ક઼િરઅત છે જેમાં والشمس تجری الی مستقرلها આમ પઢવામાં આવ્યું છે.



અને આ સ્પષ્ટતા પર ઉપરોક્ત ઠેકાણામાં અમુક બયાનો છે. એક એ કે એ ઠેકાણુ મુસ્તકર ક઼યામતનો દિવસ છે અને એ દિવસે સૂર્ય થોભી જશે જેમાં હરકત રહેશે નહીં.'' *(૭૧/૨૬)*

એમાં જ છે :–

''અલ્લાહનું ફર્માન ذلك ''ઝાલિક'' એમાં એહતેમાલ છે કે એમાં ઈશારો હોય સૂર્યના ચાલવા તરફ એટલે સૂર્યનું આ ચાલવું અલ્લાહની તક઼દીર છે એટલે સુધી એમને કહ્યું કે સૂર્ય છ મહિનામાં દરેક દિવસ કોઈ વસ્તુની દિશાથી પસાર થાય છે કે ગઈકાલે એ દિશાથી પસાર થયો ન હતો.'' *(૭૨/૨૬)*

આથી સ્પષ્ટ છે કે સૂર્ય સતત ચાલી રહ્યો છે અને એક અંતર કાપી રહ્યો છે. અને એને કોઈપણ ઠેહરાવે (ઠેકાણે) ક઼રાર (સ્ટોપ) નથી. આ'લા હઝરત رضی اللہ عنہ એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદની એક ક઼િરઅત નકલ કરી કે એમને આમ પઢયું لا مستقرلها આ તફાવત તથા ધીરે ધીરે બુલંદ તથા નીચે થયા તથા નજીક દૂરના તફાવતને ચાહે છે અને છેલ્લે ક઼યામતના નજીક સૂર્યનું જમીનથી વધારે નજીક થઈ જવું એના ઉપર દલીલ પૂરી પાડે છે જે સમયના નજીક થવા તથા દિવસ અને વર્ષમાં કમીને ઈચ્છે છે જેનો ફાયદો હદીષોથી હાંસલ છે.

## જ્યારે સ્ત્રીઓ ઘોડે સવારી કરે

એટલે ગર્વના તૌર પર મર્દોથી મુશાબેહત (મળતાપણુ) કરે. હદીષ શરીફમાં છે, સ્ત્રીઓ મર્દોથી મુશાબેહત કરે એમાં સામાન્ય રજૂઆત છે, એટલે કે કેવળ ઘોડે સવારી નહીં બલ્કે અન્ય જે મર્દોનાં કામો છે તે કરશે અને ગુનાહની મુસ્તહિક઼

થશે★.

જરૂરત વિના સહી સલામત સ્ત્રીનું ઘોડા પર ચઢવું મના છે કે આ પણ એક પ્રકારનું મર્દોનું કામ છે. હદીષમાં એના ઉપર લઅનત આવી છે. ઈબ્ને હબ્બાન પોતાની સહીહમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રાવી છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :

''મારી ઉમ્મતમાં છેલ્લે અમુક એવી સ્ત્રીઓ થશે જે મર્દો જેમ જાનવરો પર સવાર થશે.'' હદીષમાં છેલ્લે આ શબ્દો છે : ''એ સ્ત્રીઓ પર લઅનત કરો કારણ કે એ મલઊન છે.'' *(મૌરિદુઝ્ઝમાન, પેજ–૩૫૧)*

સુનને અબૂ દાઊદમાં ઈબ્ને અબી મુલયકાથી રિવાયત છેઃ–

''ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી અર્ઝ કરવામાં આવી કે એક સ્ત્રી પુરૂષોના બુટ પહેરે છે. હઝરત

*★ આજે આપણે જોઈ રહ્યા છીએ કે છોકરીઓ પણ કશાય સંકોચ વિના પુરૂષોની જેમ વાળો રાખે છે, જિન્સ પેન્ટ અને ટી શર્ટ જેવાં તંગ ચુસ્ત કપડાં પહેરી રહી છે જેનાથી તેમના શરીરના સર્વ વળાંકો તથા સાંધાઓ ઉઘાડા થઈ જાય છે, એટલે કે કપડાં પહેરવા છતાં પણ નગ્ન જ જણાય છે અને આ ગુનાહનું નિમંત્રણ આપવા સમાન છે.*

*જેમ કે હદીષે પાકમાં છે : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે ક઼િયામત તે સમય સુધી આવશે નહીં જ્યાં સુધી કે લોકો જાનવરોની જેમ રસ્તાઓમાં ખરાબ કૃત્યો ન કરવા લાગે. (કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૪, પેજ–૨૪૬)*

*આજે ઠેક ઠેકાણે સડકો તથા મેળાઓમાં જાહેરમાં ઝિનાકારીના બનાવો થવા લાગ્યા છે જેના સમાચારો આપણે રોજ બરોજ અખ્બારોમાં જોતા આવીએ છીએ. જાહેર છે કે જ્યારે આટલા અંશે બેહયાઈ તથા નગ્નતા વધી જશે તો છેવટે એ જ થશે.* –(૧૨, ફારૂકી ગુફિલરલહૂ)



આઈશાએ ફર્માવ્યું કે તાજદારે મદીના ﷺ એ એ સ્ત્રીઓ પર લઅનત ફર્માવી જે પુરૂષોની જેવો દેખાવ ઈખ્તિયાર કરે.'' *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૨૧૦)*

અરબની સ્ત્રીઓ જે ઓઢણી ઓઢતી તેમાં હિફાઝત માટે માથા પર પંચ (આંટો) આપતી. એના ઉપર ઈર્શાદ ફર્માવ્યું કે , ''એક આંટો આપો, બે આંટા ન આપો કે જેથી અમામાવાળા પુરૂષોથી મુશાબેહત (મળતાપણુ) ન થાય. કારણ કે સ્ત્રીઓને પુરૂષોથી અને પુરૂષોને સ્ત્રીઓથી મળતાપણુ હરામ છે.''

ઈમામ અહમદ તથા અબૂ દાઊદ તથા હાકિમે હસન સનદ સાથે ઉમ્મુલ મુ'મિનીન ઉમ્મે સલ્માથી રિવાયત બયાન કરી છે, નબી ﷺ ઉમ્મે સલમા رضی اللہ عنہا પાસે તશરીફ લાવ્યા તો જોયું કે આપ ઓઢણી ઓઢી રહી છે. ફર્માવ્યું, માથા પર એક આંટો આપો, બે આંટા ન આપો. *(સુનને અબૂ દાઊદ, ૨, પેજ–૨૧૨)*

અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ એ ઉમ્મે સઈદ બિન્તે ઉમ્મે જમીલને કમાન લગાડી પુરૂષોની ચાલ ચાલતાં જોયાં, તો ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને આ ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યા કે એ સ્ત્રી અમારામાંથી નથી જે પુરૂષોથી મુશાબેહત (મળતાપણુ) કરે અને એ મર્દ અમારામાંથી નથી જે સ્ત્રીઓથી મુશાબેહત કરે. એને ઈમામ અહમદ તથા ઈમામ તબ્રાનીએ રિવાયત કરી. *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ, ૨, પેજ–૨૦૦)*

સ્ત્રીનું પોતાના માથાના વાળ કપાવવું હરામ છે અને કાપે તો મલઊન થશે કે આ મર્દોથી મુશાબહત છે અને સ્ત્રીઓનું મર્દોથી મુશાબેહત કરવું હરામ છે.

દુર્રે મુખ્તારમાં છે : કોઈ સ્ત્રીએ પોતાના માથાના વાળ કપાવ્યા તો તે ગુનેહગાર થઈ સાથે અલ્લાહની એના ઉપર

લઅનત થઈ. એમાં જે સબબ છે તે પુરૂષોથી મુશાબેહત (સમાનતા) કરવું છે. *(દુર્રે મુખ્તાર, ૨/૨૫૦)*

## જ્યારે સ્ત્રીઓ મર્દોથી અને મર્દ સ્ત્રીઓથી મુશાબેહત કરે

આ પણ કયામતની નિશાનીમાંથી છે અને આ નિશાની જાહેર થઈ ચૂકી છે. આજના જમાનામાં આવું પુષ્કળ જોવા મળે છે તથા આ શરીઅતમાં હરામ છે.

મુસ્નદે ઈમામ અહમદ, ભાગ-૧, પેજ-૩૩૯ પર છે :-

"અલ્લાહની લઅનત એ લોકો પર જે સ્ત્રીઓ જેવો દેખાવ અપનાવે અને એ સ્ત્રીઓ પર જે પુરૂષોની જેવો દેખાવ અપનાવે."

આજે સ્ત્રીઓ તથા પુરૂષોએ ઘણા એવાં કાર્યો એક બીજાથી મુશાબેહત (સરખાપણા)માં અપનાવ્યાં છે. એમાંથી એક ચેનવાળી ઘડિયાળ છે, જે સામાન્યતઃ મર્દોમાં પહેરવાનો રિવાજ થઈ ગયો છે એટલે સુધી કે ઘણા બધા ઈમામો, મૌલ્વી તથા મુફ્તી પણ એવા જોવા મળે છે જે ચેનવાળી ઘડિયાળ લગાડે છે. આ હરામ શણગાર છે. એનો જવાઝ (જાઈઝ હોવું) આ'લા હઝરતના કલમાતથી બતાવવામાં આવે છે પરંતુ આપના કલામથી હરગિઝ એનું જાઈઝ હોવું સાબિત થતું નથી.

પહેલું તો એ કે આ ચેઈન જે હાથમાં પહેરવામાં આવે છે આપના (આ'લા હઝરતના) જમાનામાં હતી જ નહીં. બીજું જે ચેઈન પર એને કયાસ કરવામાં આવે છે એના વિશે આ'લા હઝરત رحمة الله عليه વિવિધ જગાએ જે કાંઈ ફર્માવે છે એનાથી એનું હરામ હોવું સાફ ખબર પડે છે.



આ'લા હઝરતથી આ સવાલ થયો કે હાલ ખાતે કુર્તા તથા સદરીઓમાં ચાંદીના બટન ચેન સાથે લગાડે છે તે જાઈઝ છે કે નથી ?! એના જવાબમાં આ'લા હઝરત رحمة الله عليه ફર્માવે છે : ચાદીના ફક્ત બટન ટાંકવામાં વાંધો નથી કે ફિક્હની કિતાબોમાં સોનાની ગુંદી લગાડવાની ઈજાઝત સાફ છે. પરંતુ આ ચાંદીની ચેન, જે બટન સાથે લગાડવામાં આવે સખ્ત પકડની જગ્યા છે. ઈમામોના કલમાતથી જ્યાં સુધી એના જાઈઝ હોવાની દલીલ સૂર્ય જેમ રોશન થતી નથી ત્યાં સુધી જાઈઝ હોવાનો હુકમ આપવો દિલેરી છે. ચાંદી તથા સોનાના વપરાશમાં અસલ હુરમત (હરામ હોવું) છે.

શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه "અશ્અતુલ લમ્આત શરહે મિશ્કાત"માં ફર્માવે છે : સોના ચાંદીના ઉપયોગમાં અસલ હરામ હોવું છે. એટલે કે જ્યારે શરીઅતે હરામ ફર્માવી એના અસલ હલાલ હોવાને નસ્ખ (રદ) કરી આપ્યું તો હવે એમાં અસલ હરામ હોવું થઈ ગયું, જ્યાં સુધી કોઈ ખાસ વસ્તુની છૂટ શરીઅતથી સાફ થઈ ન જાય ત્યાં સુધી હરગિઝ ઈજાઝત આપવામાં આવશે નહીં. બલ્કે મુત્લક હરામ હોવાના હેઠળ દખલ રહેશે.

બીજું એ કે સ્પષ્ટ છે કે આ ચેઈનોને આવી રીતે લગાડવામાં શણગારનો હેતુ સમાયેલ છે બલ્કે અસલ મકસદ જ ઝીનત છે. ઓલમા સ્પષ્ટતા ફર્માવે છે કે મર્દ માટે અંગૂઠી અને તલવાર રાખવાનો કમરપટ્ટો વગેરે સિવાય ચાંદીથી ઝીનત કોઈ પણ રીતે આ જાઈઝ નથી. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ-૯, પેજ-૩૪)*

તેમ જ ફતાવા રઝવિય્યહ્, ભાગ-૯, પેજ-૨૯૮, ૨૯૯ પર ફર્માવે છે :-

ચેઈનો માટે બટનની જેમ કોઈ નસ (દલીલ) ફક઼ીરને મળી નથી તથા જાઈઝ હોવા પર કોઈ દલીલ પણ નથી. બલ્કે લખાણથી એનો મક઼સદ જાહેર જ છે. બટન જેમ કોઈ ગરઝ (ફીટ કરવાનો હેતુ) પણ એના સાથે નથી. અલમ (ઝંડા) જેમ કપડામાં મુસ્તહલિકના તાબેઅ કપડુ રહે એમ પણ નથી. એનાથી શણગાર તથા ઝીનત સિવાય કોઈ ફાયદાનો હેતુ જણાતો નથી અને સ્ત્રીઓનાં ઘરેણાથી વધારે મુશાબિહ (મળતાપણુ) છે એની હાલત બિલકુલ હેરીંગની ચેન જેમ છે. એક બાજુ હેરીંગ લગાડવામાં આવે છે એ પણ આ ઝંજીર જેમ ચેન છે. બલ્કે એનાથી ઝીનત સાથે એક ફાયદો એ પણ છે કે હેરીંગનું વજન (ભાર) કાનો પર પડતું નથી આ ચેન એને સહારો આપે છે એટલા માટે એને સહારો કહેવામાં આવે છે અને આ ઝંજીરોની કડીઓ ઝીનત સિવાય બીજો કોઈ ફાયદો આપતી નથી તો સહારાથી વધારે ઝુમર સાથે આ બધુ સમાનતા રાખે છે અને સહારાની જેમ આ પણ પહેરવામાં દાખલ છે બલ્કે એમનું ઝીનત માટે ખાસ હોવું અને કપડા જેમ ફાયદાઓથી ખાલી બે તાઅલ્લુક હોવું ઝુમર જેમ સતત પહેરવાનો તક઼ાઝો રાખે છે.''

આથી જાહેર થયું કે આ'લા હઝરત قدس سرہના જમાનામાં જે ખિસ્સાવાળી ઘડીયાળની ચેન ચાલતી હતી જેને સદરી વગેરેમાં લગાડી ઘડીયાળ ખિસ્સામાં રાખતા હતા આપના નજીક એનો પણ એ જ હુકમ છે જે ઘરેણાનો છે. તો આ વસ્તુ જે હાથવાળી ઘડિયાળમાં લગાડવામાં આવે છે તે વિશેષતઃ રીતે ઘરેણુ છે અને એના પહેરવાથી ઝીનત તથા શણગારનો હેતુ હોવું જાહેર છે.

એટલે એનું હરામ હોવું સ્પષ્ટ તથા એમાં સ્ત્રીઓથી મળતાપણુ રોશન તથા ખુલ્લુ છે. તથા પહેરવાથી મળતાપણાના



કારણે હરામ હોવાનો હુકમ આપ્યો. તો અહીં પહેરવામાં તો કોઈ શક જ નથી તો અહીંયા એકદમ (ખાલિસ) હરામ હોવું છે હરામ હોવાની શંકા નહીં.

જેના વિશે ફર્માવ્યું, હરામ વસ્તુઓમાં શંકા (શક) યક઼ીન જેમ છે તો એમાં વસ્તુની હુર્મત સાંકળ કરતાં વધુ રોશન છે.

આથી જે લોકો આ'લા હઝરતના કલમાતથી જાઈઝ હોવાનો ક઼યાસ કરે છે એની હાલત ખૂબ રોશન થઈ ગઈ. અમારી જાણકારીમાં આ'લા હઝરતના કલમાતમાં કોઈ તઆરુઝ (વિરોધાભાસ) નથી. અને આપના ફતવાથી આ વસ્તુ અથવા ચેઈનનું જાઈઝ હોવું પણ સાબિત થતુ નથી. ધારો કે જો (વિરોધાભાસ) પણ હોય તો એ ખુલાસાઓ તરફ વળવું લાઝિમ છે જે ખૂદ મજબૂત તથા શકથી પાક છે અને જે શબ્દોથી એનું વિરુધ્ધ સમજમાં આવે તો એની તાવીલ લાઝિમ છે તથા આવી રીતે માફકસર (વર્ગીકરણ) કરવું જરૂરી છે.

એટલે જો ''અત્યબુલ વજીઝ''માં અલ્લામા શામીની આ બહષને સામે રાખી કે આ પહેરવું અથવા કેવળ સાંકળનું લટકાવવું આ'લા હઝરતે આ ફર્માવી દીધું :–

''બચવું અવલા છે અથવા એનાથી બચવું જોઈએ.'' તો તાવીલ આ શબ્દોની જેનાથી જાઈઝ હોવાનો ખયાલ થાય છે જરૂરી છે જેથી અન્ય ફતાવાથી ટકરાવ લાઝિમ ન આવે. ઘણા વખત ''અવલા'' અથવા એના જેમ અર્થવાળો શબ્દ વાજિબ પર બોલવામાં આવે છે. ''ઈનાયહ'' ભાગ–૧, પેજ–૨૪૨ પર છે :

''જો ઈમામ ખતીબ નબી ﷺ પર દુરૂદ પઢે તો લોકોએ ચુપ રહેવું તથા સાંભળવું લાઝિમ છે. ઈમામ અબૂ યૂસુફે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ થી પૂછયું કે ઈમામ ઝિક્ર કરે તો શું મુક્તદી પણ ઝિક્ર કરે અને નબી ﷺ પર દુરૂદ શરીફ પઢે ?! ઈમામે

આ'ઝમ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, મને એ પસંદ છે કે લોકો ખુત્બો સાંભળે અને ચુપ રહે. ઈમામે આ'ઝમે આમ ન ફર્માવ્યું કે ઝિક્ર ન કરે અને દુરૂદ ન પઢે. તો એવી વાતમાં સારા શબ્દોથી વાત બયાન કરી અને એવું કહેવાથી બચ્યા કે ઝિક્ર ન કરે તથા દુરૂદ ન પઢે. સાંભળવું તથા ચુપ રહેવું એટલા માટે પસંદ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાનો ઝિક્ર તથા નબી ﷺ પર દુરૂદ મોકલવું ફર્ઝ નથી અને ખુત્બો સાંભળવું ફર્ઝ છે."

"જોહરહ નૈયરહ" ભાગ–૨, પેજ–૨૬૦ પર છે :–

"અંગૂઠીની ચાંદી એક મિષ્કાલ હોવી જોઈએ એનાથી વધુ કરવી મના છે. તથા એક કૌલ એ પણ છે કે ચાંદી પૂરું એક મિષ્કાલ ન કરે."

અહીંયા પણ 'વાજિબ'ની જગ્યાએ 'જોઈએ' ફર્માવ્યું, ખૂદ ફતાવા રઝવિય્યહમાં એની જેવો આ ઈર્શાદ છે. મોહર્રમના દસ દિવસોમાં ત્રણ રંગો વિશે ફર્માવે છે :–

મુસલમાને મોહર્રમના દસ દિવસોમાં આ ત્રણ રંગોથી બચવું જોઈએ : લીલો, લાલ, કાળો. લીલાનું કારણ તો ખબર પડી ગયું અને લાલ આજ કાલ નાસેબી ખબીષ (નાપાક લોકો) ખુશીની નિય્યતથી પહેરે છે. કાળામાં બ્લુ, આસ્માની, કાસની, લીલામાં પોપટી, ધોની પસ્તી. લાલમાં ગુલાબી, નારંગી બધા દાખલ છે. સારાંશ કે જે કોઈ રંગ એનાથી મળતો આવે. જો સોગ અથવા ખુશીની નિય્યતથી પેહર્યો ત્યારે તો ખૂદ હરામ છે અને એ સિવાય પહેર્યો તો એનાથી બચવું બેહતર. *(ફતાવા રઝવિય્યા, ભાગ–૯, પેજ–૩૦૧)*

અહીંયા બેહતર તથા હરામના મુકાબલાથી સમજમાં આવે આવે છે કે જો સોગ અથવા ખુશીની નિય્યત નથી તો આવાં કપડાં



પહેરવાં જાઈઝ છે બલ્કે બેહતર છે. પરંતુ પૂરા પાછળના બયાનથી આ અર્થ કાઢવો બરાબર નથી. તો યક઼ીનન અહીંયા બેહતરનો શબ્દ મુસ્તહબ અથવા ફઝીલતના અર્થમાં નથી બલ્કે મુરાદ એ છે કે જો સોગ અથવા ખુશીની નિય્યત ન પણ હોય તો પણ એમની મુશાબહત (સમાનતા)થી બચવું અવલા તથા વાજિબ છે. તો અહીંયા પણ શબ્દ "જોઈએ" તથા "બેહતર" વાજિબની જગ્યાએ ઈસ્તેમાલ થયો એટલા માટે કે, પહેલાં આમ કહ્યું, મુહર્રમના દસ દિવસમાં લીલા રંગેલાં કપડાં પણ નાજાઈઝ છે. એ પણ સોગના મક઼સદથી છે. *(ભાગ–૯, પેજ–૩૦૦)*

કદાચ ! એક કારણ આ ખિસ્સા ઘડિયાળ ચેઈનને જાઈઝ હોવામાં શક્ય છે. એ સૂરતમાં જ્યારે એ વસ્તુ સોના ચાંદી સિવાય બીજી કોઈ ધાતુથી બની હોય અને એનાથી શણગાર અલંકારનો હેતુ ન હોય, બલ્કે ઘડિયાળની હિફાઝત માટે કપડામાં છુપાવી લગાડવી જોઈએ. આ સૂરત (સ્થિતિ)માં જો આ'લા હઝરતના શબ્દોથી એ ચીજના જાઈઝ હોવાનો વહેમ થાય છે તો એથી ઉપરોક્ત સૂરત મુરાદ હોય શકે છે અને આ જ સૂરત પર એમના શબ્દોને મુરાદ લેવાથી એમના ફતાવામાં જે વિરોધાભાસના વહેમ થાય છે તે દૂર થઈ જશે. પણ આ સ્થિતિ ખિસ્સા ઘડિયાળની ચેનમાં નથી જેથી એના પર ક઼યાસ દુરુસ્ત નથી કેમ કે બંને સ્થિતિઓ અલગ અલગ છે.

## જ્યારે ગૈરુલ્લાહની ક઼સમો ખાવામાં આવે

ક઼યામતની નિશાનીઓમાં નબી ﷺ એ આ પણ બતાવ્યું કે લોકો ગૈરુલ્લાહની ક઼સમો ખાવા લાગશે અને ગૈરુલ્લાહની

કસમ ખાવી જાઈઝ નથી.

હદીષ શરીફમાં છે :–

"જે ગૈરુલ્લાહની કસમ ખાય તે મુશ્રિક છે." *(ફયઝુલ કદીર, ભાગ–૬, પેજ–૧૨૦)*

જો ગૈરુલ્લાહની એ તા'ઝીમ મુરાદ લે જે અલ્લાહ માટે ખાસ છે તો હકીકતમાં મુશ્રિક છે. એમાં બુતો (મૂર્તિ)ની કસમ ખાવું પણ દાખલ છે.

હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : જે કસમ ખાય અને પોતાની કસમમાં આવું કહે, "લાત વ ઉઝ્ઝાની કસમ !" તો તે કલમો પઢે. અને જે પોતાના દોસ્તને કહે, "આવો તમારાથી જૂગાર રમું" તો સદકો આપે.

હદીષના આ ટુકડાથી માલૂમ થયું કે ગુનાહનો ઈરાદો જ્યારે દિલમાં પાકો થઈ જાય તો એ પણ એક ગુનોહ છે અને એને જાહેર કરવું બીજો ગુનોહ છે. સદકો આપવાનો હુકમ આ ગુનાહના કફ્ફારા માટે ઈસ્તેહબાબ (મુસ્તહબ હોવાના) તરીકા પર છે.

હદીષ શરીફમાં છે :–

"સદકો અલ્લાહ તઆલાના ગઝબની આગને એવી રીતે ઓલવે છે જેવી રીતે પાણી આગને." *(તિબ્રાની, ભાગ–૧૯, પેજ–૧૪૫)*

ઉપરોક્ત હદીષમાં **લાઈલાહ ઈલ્લલાહ** પઢવાનો જે હુકમ આવ્યો એમાં બે વસ્તુ છે, એક એ કે નવ મુસ્લિમથી જૂની આદતના કારણે ભૂલથી જબાનથી બુતો (મૂર્તિઓ)ની કસમ નીકળી ગઈ તો એના માટે મુસ્તહસન છે કે **લાઈલાહ ઈલ્લલાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** કલમો એ ખરાબ શબ્દોના કફ્ફારામાં



પઢે. અને બીજો અંદેશો એ કે લાત વ ઉઝ્ઝા તથા મૂર્તિઓની તા'ઝીમ મકસદ હોય, આ સૂરત (સ્થિતિ)માં એ શખ્સ મુર્તદ થઈ જશે અને ઈસ્લામના ખિલાફ શબ્દોથી તૌબા કરવા સાથે ફરી ઈમાન લાવવું લાઝિમ થઈ જશે તથા કલમો પઢવો જરૂરી થશે. અને જો ગૈરુલ્લાહની કસમમાં તા'ઝીમ મુરાદ નથી જે અલ્લાહ તઆલા માટે ખાસ છે તો હકીકતમાં શિર્ક નથી પરંતુ જોવામાં કાફિરો મુશ્રિકો જેવું કાર્ય હોવાના લીધે એના પર શિર્કનો શબ્દ કહેવામાં આવ્યો જેથી ધમકાવવા માટે એ શખ્સને મુશ્રિક કહેવામાં આવ્યો, એટલે કે એને મુશ્રિકો જેવું કાર્ય કર્યું. આવી જ રીતે બાપ, દાદા બેટા વગેરેના નસબ ખાનદાન પર ફખ્ર કરી કસમ ખાવી જેવું કે જાહિલિયતના જમાનામાં રિવાજ હતો હદીષમાં એનાથી મનાઈ આવી છે.

(અકુલ : લેખક કહે છે) અમારા બયાનથી સાફ ખબર પડે છે કે હુઝૂર ﷺ નું એક ગામડીયા વિશે ફર્માવવું કે, "આ ફલાહ (ભલાઈને) પહોંચ્યો પોતાના બાપની કસમમાં જો એ સાચો છે." મનાઈમાં દાખલ નથી બલ્કે જાઈઝ હોવા વિશે બયાન છે.

સરકાર પોતાના કાર્યથી બતાવી રહ્યા છે કે બાપની કસમ ખાવી જાઈઝ નથી જ્યારે કે જાહિલિયતના રિવાજ પ્રમાણે ફખ્ર કરી ખાય. હા, જો એવું ન હોય તો ખાવી જાઈઝ છે. એક બયાન આ પણ છે કે આવી જગ્યાએ વાતની મજબૂતી તથા બયાનની કુવ્વત મકસૂદ હોય છે, તો આવી સ્થિતિમાં કસમ શિર્ક નથી.

**નોંધ** : ગૈરુલ્લાહથી મુરાદ એ બધી જ વસ્તુ છે જેને શરીઅતમાં અલ્લાહ તથા રસૂલ ﷺ થી કોઈ ઈલાકો નથી તથા શરીઅતમાં ન એની તા'ઝીમનો હુકમ છે. નબી, રસૂલ, કા'બા તથા મલાઈકા આ અર્થના અનુસાર ગૈરુલ્લાહમાં દાખલ

નથી. (હા, બાબે હલફમાં આ પણ ગૈરુલ્લાહ છે પરંતુ ઉપરોક્ત સ્થિતિના લિહાઝથી ગૈરુલ્લાહથી) કે શરીઅતમાં એમની તા'ઝીમનો હુકમ છે.

જ્યારે અલ્લાહ તઆલાએ એમની તા'ઝીમનો હુકમ આપ્યો છે તો એમની તા'ઝીમ અલ્લાહની જ તા'ઝીમ છે, એમની ક઼સમ ખાવી હરામ નથી, પરંતુ ઓલમાએ કિરામે સાવધાનીના કારણે એમની ક઼સમ ખાવાને મકરૂહ ફર્માવ્યું છે બલ્કે એનાથી મનાઈ ખૂદ હદીષ શરીફમાં આવી છે. શરઈ ક઼સમ જેનો કફ્ફાર લાઝિમ છે તે અલ્લાહ તઆલાની ક઼સમ છે.

ગૈરુલ્લાહની ક઼સમ, ક઼સમે શરઈ નથી. ઓલમા ફર્માવે છે : જો ગૈરુલ્લાહની ક઼સમને શરઈ ક઼સમ જાણે તો આ સૂરતમાં આદમી કાફિર થઈ જશે.

ઈમામ રાઝી رضی اللہ عنہ ફર્માવે છે :–

મારી જાનની કસમ ! તારી જાનની★ કસમ ! કહેનાર પર મને કુફ્રનો અંદેશો છે, લોકો સામાન્યતઃ નાદાની અભણતામાં આમ કહી આપે છે, જો એવું ન હોત તો હું કહેતો કે આ શિર્ક છે.

ઈમામ રાઝીના આ બયાનથી જાહેર થાય છે કે ગૈરુલ્લાહની ક઼સમને શરઈ ક઼સમ જાણવામાં ઓલમાના બે કૌલ છે : એકમાં

---

*★ આજકાલ લોકો નાની નાની વાતોમાં ''તારી ક઼સમ ! તારી જાનની ક઼સમ !'' જેવી ક઼સમો ખાવા લાગે છે, જ્યારે કે આવી ક઼સમ ખાવાથી એમને કોઈ ફાયદો નથી થતો, બલ્કે હઝરત ઈમામ રાઝીના પ્રમાણે એવી ક઼સમ ''કુફ્ર''ની અધિક નિકટ છે. અમુક લોકો વાત વાત પર આવું ન કરું અને આવું ન કહું તો આવું થઈ જઈશ ! દા.ત. હુઝૂર صلی اللہ علیہ وسلم ની શફાઅતથી મેહરૂમ થઈ જાઉં ! અથવા મારો પુત્ર મરી જાય ! અથવા હું કોઢી થઈ જાઉં ! કહી નાખે છે, આવા લોકો ઉપરોક્ત વર્ણન પરથી બોધ ગ્રહણ કરે.*

–(૧૨, ફારૂક઼ી ગુફિરલહૂ)



આદમી મુત્લક઼ન કાફિર થઈ જશે અને બીજામાં કુફ્રનો અંદેશો છે. આ બીજા ક઼ૌલ એહતેયાત (સાવધાની) રાખનારા મુતકલ્લિમીનના તરીક઼ા પર છે અને એમનો મઝહબ મુખ્તાર છે તથા મુઅતમદ (પસંદીદા) જેની તફસીલ આવી રહી છે.

(લેખક કહે છે) આ એ સૂરતમાં છે કે કહેનાર ક઼સમને શરઈ ક઼સમ જાણે તથા એના પૂરા કરવાને જરૂરી જાણે. તથા ક઼સમ પૂરી ન થવાની સૂરતમાં કફ્ફારો આપવું જરૂરી ક઼યાસ કરે. દા.ત. અમુક જાહિલ પોતાના બાળકોની ક઼સમ ખાય છે તથા ક઼સમ પૂરી કરવું જરૂરી જાણે છે, ન કરવાની સૂરતમાં કફ્ફારો લાઝિમ સમજે છે. જો આ સૂરત ન હોય એટલે કે કહેનાર શરઈ ક઼સમ ન જાણે તથા તા'ઝીમનો પણ ખયાલ ન કરે તો એના ઉપર આ હુકમ નથી લાઝિમ આવતો.

આ હદીષમાં ગૈરુલ્લાહની ક઼સમ ખાનારને મુશ્રિક ફર્માવવામાં આવ્યો છે આથી એ શખ્સનો હુકમ પણ જાહેર થઈ ગયો જે આ રીતે ક઼સમ ખાય, ''જો હું આ કામ કરું તો (અલ્લાહની પનાહ !) યહૂદી અથવા નસરાની અથવા મિલ્લતે ઈસ્લામીથી બહાર તથા બેઝાર થઈ જાઉં !'' આવી ક઼સમ ખાવી સખત હરામ, બુરું કાર્ય તથા અંજામ કુફ્ર છે.

અમુક ઓલમાએ આ વિશે ફર્માવ્યું કે એ શખ્સ કાફિર છે, પરંતુ સહી એ છે કે આ મસ્અલામાં એ જ તફસીલ છે કે, ''જે કોઈ ગૈરુલ્લાહની ક઼સમ ખાય તે મુશ્રિક છે.''માં બયાન થઈ આ તફસીલ તરફ ખૂદ બીજી હદીષોમાં ઈશારો છે. ઈર્શાદ થયો : જે ઈસ્લામ મઝહબ સિવાય બીજા કોઈ મઝહબની ક઼સમ ખાય અને પોતે એ ક઼સમમાં જૂઠો છે તો એ એવો જ છે જેવું એને કહ્યું.

*(મિર્ક઼ાત શર્હે મિશ્કાત, ભાગ–૬, પેજ–૫૮૧)*

હઝરત શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષે દહેલ્વી લખે છે :–

જો કોઈ ઈસ્લામ દીન સિવાય બીજા કોઈ દીનની ક઼સમ ખાય, દા.ત. આમ કહે કે જો આ કામ કરું તો યહૂદી અથવા નસરાની અથવા ઈસ્લામ દીનથી અથવા પૈગંબર અથવા કુર્આનથી બેપરવા તથા બેઝાર છું. તથા એ શખ્સ જૂઠી ક઼સમ ખાય એટલે કે એ કામ કરી બેસે એટલા માટે કે ક઼સમ ખાવું એ કાર્યના રોકવા માટે છે તો ક઼સમનું સાચું હોવું એ છે કે એ કામ ન કરે જે ન કરવાની કસમ ખાધી હતી. જો એ કામ કરશે તો જૂઠો થશે. હદીષ શરીફમાં આવા શખ્સ વિશે ફર્માવ્યું; એ એવો જ છે જેવું એણે કહ્યું એટલે કે યહૂદી, નસરાની અથવા દીનથી બેઝાર. આ હદીષનો જાહેરી અર્થ એ છે કે એ શખ્સ કાફિર થઈ જશે એટલા માટે કે એ શખ્સે ઈસ્લામની હુરમતને તોડી નાખી અને કુફ્ર પર રાજી થયો. *(અશ્અતુલ લમ્આત, ભાગ–૩, પેજ–૨૧૧)*

અમુક ઓલમાએ હદીષના જાહેર શબ્દો પર નજર કરી આવી ક઼સમ ખાનારાને મુત્લક઼ન કાફિર કહ્યો અને અમુક ઓલમાએ ફર્માવ્યું, મુરાદ આ ક઼સમથી એ છે કે તે શખ્સ પોતાના નફ્સને તહદીદ (ધમકાવી) તથા એની વઈદમાં અતિશયોક્તિ કરી રહ્યો છે જેથી એ પોતાને આ કાર્યથી દૂર રાખે તો ક઼સમથી મક઼સૂદ નફ્સને ધમકાવવું છે. તો જ્યાં સુધી આ શખ્સ ક઼સમ ન તોડે અમારા નજીક કાફિર નથી. એવી જ રીતે જો ભૂતકાળના કાર્ય પર ઈસ્લામથી બયઅતને (નીકળવાને) મોઅલ્લક (આધારિત) કરી તો મોહતાતીન (સાવચેતીવાળા)ના નજીક કાફિર થશે નહીં અને અમુક મશાઈખના નજીક કાફિર થઈ જશે.

પરંતુ સહી એ છે કે આ સૂરતમાં પણ મુત્લક કાફિર થશે



નહીં, કારણ કે કાફિર કુફ્રી અક઼ીદાના લીધે થાય છે અને જાહેર છે કે અહીંયાં એની મુરાદ ક઼સમથી પોતાના નફ્સને ડરાવવું ધમકાવવું છે.

(અકુલ : લેખક કહે છે) હઝરત શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ આ પ્રકરણમાં જે બીજો ક઼ૌલ બયાન કર્યો તે મોહતાતીન (સાવચેતીવાળાઓ)નો છે મુતકલ્લિમીનના તરીક઼ા પર છે, એમનો તરીકો એ છે કે કેવળ જાહેર પર કુફ્રનો હુકમ નથી લગાડતા અને કલામમાં થોડી પણ એવી વસ્તુ હોય જે કુફ્ર નથી તો તેનો પણ ખયાલ રાખે છે અને કહેનારને જ્યાં સુધી એની મુરાદ ખબર ન પડે કાફિર કહેતા નથી.

ખૂદ હદીષ શરીફમાં છે કે, "જો એ શખ્સ પોતાની ક઼સમમાં જૂઠો છે તો એવો જ છે જેવું એણે કહ્યું." એનો સાફ મતલબ એ છે કે જો એ આ ક઼સમમાં સાચો છે અને કુફ્રી અર્થનો શરૂથી ઈરાદો નથી કર્યો (યહૂદી, નસરાની થવા પર હવે રાજી થવું) તો એવું નથી જેવું એને કહ્યું. તથા બીજી હદીષમાં પણ છે જે હઝરત બુરૈદાહથી રિવાયત છે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :– જે એવું કહે કે હું ઈસ્લામથી બરી છું (જો એ કામ કરે) તો એ એવો જ છે જેવું એણે કહ્યું અને જો સાચો છે તો ઈસ્લામમાં ગુનાહથી સલામતી સાથે રહેશે નહીં.

ઈમામ ક઼ાઝી અયાઝ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે આ હદીષના જાહેરી શબ્દોથી માલૂમ થાય છે કે આ ક઼સમથી એ શખ્સનો ઈસ્લામ જાહેર થઈ જાય છે અને એ એવો જ બની જશે જેવું એણે કહ્યું, અને એ પણ બની શકે છે કે એના કાફિર થવાને ક઼સમ તૂટવા પર આધારિત કરી દેવામાં આવે. એની દલીલ એ હદીષ શરીફ છે જે હઝરતે બુરૈદાહથી રિવાયત છે.

કદાચ આથી કહેનારની મુરાદ પોતાના નફ્સને ધમકી આપવી છે. આ મુરાદ નથી કે એ હમણાં જ યહૂદી બની ગયો અથવા ઈસ્લામથી બરી (બહાર) થઈ ગયો. એ શખ્સ આમ કહી રહ્યો છે કે હું ક઼સમ તૂટવાની સૂરતમાં એ જ સજાનો હક્ક઼દાર છું જે સજાનો યહૂદી હક્ક઼દાર છે અને એનું દષ્ટાંત હુઝૂર ﷺ નો આ ક઼ૌલ છે, જે જાણી બુજીને નમાઝને છોડે તે કાફિર, એટલે એ કાફિરની સજાનો હક્ક઼દાર છે. *(જામિઉસ્સગીર, ભાગ-૬, પેજ-૧૦૨)*

ઈમામ ક઼ાઝી અયાઝ رضي الله عنه એ હઝરત શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી જેમ અહીંયા બે ક઼ૌલ બયાન ફર્માવ્યા, પરંતુ સાફ તૌર પર કોઈ એકની સિહત (સહીહ હોવા)નો ફાયદો ન કર્યો, હા, બીજા ક઼ૌલની સ્પષ્ટતા તથા તઅલિલ ઈર્શાદ ફર્માવી જેનાથી સાફ જાહેર છે કે એમના નજીક પણ એ જ મુખ્તાર છે કે કહેનાર મુત્લક઼ કાફિર બનશે નહીં. ક઼સમ તૂટવાની સૂરતમાં કુફ્ર પર રાજી હોવાના કારણે કાફિર થશે. આ છે હદીષનો જાહેરી મતલબ જે હાંસલ થઈ રહ્યો છે.

જો મુસલમાનના કલામમાં ઘણા બધા એવા એહતેમાલો (અંદેશાઓ) છે જે એના કુફ્રને ઈચ્છી રહ્યા છે અને એક વસ્તુ એવી છે જે એના ઈસ્લામને ઈચ્છી રહી છે, તો આપણા ઉપર લાઝિમ છે કે એ એક વસ્તુ તરફ ધ્યાન રાખીએ, જ્યાં સુધી આ ગુંજાઈશ છે ત્યાં સુધી મુસલમાનને કાફિર ન કહો.

એટલા માટે "રદ્દુલ મુહતાર"માં ફર્માવ્યું, મુસલમાનના કાફિર હોવાનો ફતવો ન આપવો જ્યાં સુધી એના ક઼ૌલ તથા ફૈલને સારા પેહલુ પર રાખવું શક્ય હોય અથવા એના કુફ્રમાં ઈખ્તેલાફ હોય, રિવાયત કમજોર કેમ ન હોય. *(રદ્દુલ મુહતાર, ભાગ-૪, પેજ-૨૨૯, ૨૩૦)*



(લેખક કહે છે) આપણા લખાણો જે બયાન થયાં છે એનાથી સાફ જાહેર છે કે હદીષનો જાહેરી ફાયદો (ક઼સમ ખાનાર) જ્યારે ક઼સમ તોડે ત્યારે કાફિર થશે. મુત્લક઼ન કાફિર હોવું તો આ સંજોગોમાં જાહેર છે. હદીષ પણ આ બીજા ક઼ૌલના કહેનાર સાથે છે અને કહેનારનું મુત્લક઼ કુફ્રનું જાહેર હોવું વિચારને પાત્ર છે.

એનો જાહેરી રીતે સ્વીકાર પણ કરી લઈએ તો એના પર કહેનાર (ક઼સમ ખાનર)ની તકફીર એ સૂરતમાં શક્ય છે જ્યારે જાહેર અર્થ મુરાદ હોવું બિલકુલ સાફ થઈ જાય અને કોઈ ઉર્ફી નિર્દેશ અથવા કોઈ ઉર્ફ આ વાત પર હોય કે ક઼સમ ખાનારે એ અર્થ જે કુફ્રી છે મુરાદ લીધો નથી તો આ સૂરતમાં એ અવકાશ પણ રહેશે નહીં તથા જાહેરને છોડી દેવામાં આવશે. આ વિશે ઘણા ઉદાહરણો શક્ય છે.

આમ બોલચાલમાં કહીએ છીએ કે, "વસંત ઋતુએ ઘાસ ઉગાડી", "હાકિમે બચાવ્યો", "આ બીમારી માટે આ ઈલાજ સાજો કરનાર", "આ ઝેર કાતિલ છે". અહીંયા આ બધાં દષ્ટાંતો માં મો'મિનનું ઈમાન તથા ઉર્ફ ગવાહ છે કે આનાથી અર્થ એ નથી જે જાહેરી શબ્દોથી માલૂમ પડે છે, બલ્કે આ બધી જ મિસાલોમાં એ વસ્તુઓ તરફ નિસ્બત કરવામાં આવી છે. મો'મિનનો અક઼ીદો તો એ જ છે કે હક઼ીક઼તમાં દરેક વસ્તુમાં અસર કરનાર અલ્લાહ તઆલા છે. આ બધી વસ્તુઓ હક઼ીક઼તમાં અસર કરનાર નથી બલ્કે અલ્લાહ તઆલાના ક઼ાયમ કરેલા સબબો છે જેમાં અલ્લાહ તઆલાએ તાસીર રાખી છે.

આ વહાબીઓનો જુલ્મ છે કે તેમણે આ બધા આમ મુહાવરાથી આંખો બંધ કરી છે અને બોલનારને તો મુસલમાન જાણે છે પરંતુ ઔલિયા, અંબિયા માટે જો કોઈ મુસલમાન તસર્રુફ તથા મદદ સાબિત કરે તો એને મુશ્રિક કહી આપે છે, જેવું કે

''તક઼્વિયતુલ ઈમાન''ના વંચાણથી સ્પષ્ટ છે.

આ'લા હઝરત અઝીમુલ બરકત رحمۃ اللہ علیہ એમના હક્કમાં ફર્માવે છે :–

**શિર્ક ઠેહરે જિસ્મે તા'ઝીમે રસૂલ**
**ઉસ બુરે મઝહબ પે લઅનત કીજીયે**

મૂળ વાત પર આવીએ. હવે આ મસ્અલા તરફ આવો અને ઉપરોક્ત બયાન થયેલ પૂરી તક઼રીરને નજર સમક્ષ રાખી વિચારો. જ્યારે ક઼સમ ખાનારની મુરાદ પોતાના નફ્સને ધમકાવવું તથા એ મકરૂહ ખરાબ કામથી દૂર રહેવું છે તો આ ઉર્ફ તથા આદતથી માલૂમ છે તો આવી સૂરતમાં એ જાહેરી અર્થ જેનો ફાયદો મુત્લક઼ કાફિર થવું છે તેની આશંકા પણ નથી અને મુરાદ પણ નથી, બલ્કે ક઼ત્અન છોડી દેવામાં આવશે.

એટલે ક઼સમ ખાનાર જ્યાં સુધી ક઼સમ તોડતો નથી કાફિર કહેવામાં આવશે નહીં. હા, એ જરૂર છે કે આવી ક઼સમ ખાવી સખ્ત ખરાબ તથા હરામ છે. જેથી ક઼સમ ખાનાર પર તૌબા લાઝિમ તથા સાવચેતી રૂપે કલમો ફરી પઢવો જરૂરી.

દુર્રે મુખ્તાર, ભાગ–૩, પેજ–૨૪૬, ૨૪૭ પર છે :– જે વાત સર્વ સંમતિએ કુફ્ર છે તે અમલ તથા નિકાહને બાતિલ (રદ) કરી આપે છે અને આવા શખ્સની ઔલાદ હરામની ઔલાદ છે. જેના કુફ્ર હોવામાં ઈખ્તેલાફ છે એમાં કહેનારને તૌબા કરી કલ્મો પઢી ફરી નિકાહનો હુકમ છે.

એ વાત કે ક઼સમ તોડવાની સૂરતમાં એના ઉપર કફ્ફારો છે કે નથી ? તો હનફી ઈમામોનો મઝહબ એ છે કે ક઼સમ તોડવાની સૂરતમાં એના ઉપર કફ્ફારો લાઝિમ થશે જ્યારે કોઈકે એવા કાર્ય પર ક઼સમ ખાધી જે ભવિષ્યમાં છે અને એનો દાખલો



મુબાહ વસ્તુને પોતાના ઉપર ક઼સમના ઝરીયે હરામ કરી લેવું.

અલ્લાહ તઆલા કુર્આનમાં ઈર્શાદ ફર્માવે છે :–

يٰۤاَيُّهَا النَّبِىُّ لِمَ تُحَرِّمُ مَاۤ اَحَلَّ اللّٰهُ لَكَ ''હે ગૈબ બતાવનાર (નબી) ! તમો પોતાના ઉપર કેમ હરામ કરી લો છો એ વસ્તુ જે અલ્લાહે તમારા માટે હલાલ કરી.'' *(સૂરએ તહરીમ, પારા–૨૮, આયત–૧)*

સૈયદે આલમ ﷺ હઝરત ઉમ્મુલ મો'મિનીન હફ્સા رضی اللہ عنہا ના મહલમાં રોનક અફરોઝ થયા, આપ હુઝૂર ﷺ ની ઈજાઝતથી પોતાના વાલિદ હઝરત ઉમર رضی اللہ عنہ ની અયાદત માટે તશરીફ લઈ ગયાં. હુઝૂર ﷺ એ હઝરત મારયા કિબતિયા رضی اللہ عنہا ને ખિદમતથી સરફરાઝ ફર્માવ્યાં. આ હઝરત હફસાને ભારે લાગ્યું. હુઝૂરે એમની દિલજોઈ માટે ફર્માવ્યું કે મેં મારયાને પોતાના ઉપર હરામ કરી અને હું તમને ખુશ ખબરી આપું છું કે મારા પછી ઉમ્મતના માલિક અબૂબક્ર તથા ઉમર હશે. આપ (હઝરત હફ્સા) આથી ખુશ થઈ ગયાં અને ખુશી ખુશીમાં આપે આ બધી વાતો હઝરત આઈશા رضی اللہ عنہا ને સંભળાવી ત્યારે આ આયતે શરીફા નાઝિલ થઈ.

આ આયત પછી સરકાર ﷺ થી ઈર્શાદ થયો :–

قَدْ فَرَضَ اللّٰهُ لَكُمْ تَحِلَّةَ اَيْمَانِكُمْ ''બેશક ! અલ્લાહે તમારા માટે તમારી ક઼સમોનો ઉતારો મુક઼ર્રર ફર્માવી આપ્યો.'' *(પા. ૨૮, સૂરએ તહરીમ)*

ક઼સમ ખાનારે આવી રીતે ક઼સમ ખાધી કે, ''જો એ આ કામ કરે તો યહૂદી અથવા નસરાની છે.'' પોતાના અક઼ીદામાં મુબાહને હરામ ફર્માવી લીધું, એટલે ક઼સમ તૂટવાની સૂરતમાં અહીંયા પણ કફ્ફારો લાઝિમ થશે. આ હુકમ એ સૂરતમાં છે જ્યારે

ક઼સમ ભવિષ્યના કાર્ય પર ખાધી હોય અને જો ભૂતકાળના કાર્ય પર આવી ક઼સમ ખાધી અને એ ક઼સમમાં એ શખ્સ જૂઠો છે તો કફ્ફારો નથી, કેવળ તૌબા લાઝિમ અને સાવચેતી રૂપે તજદીદે ઈમાન, તજદીદે નિકાહ પણ જરૂરી છે.

આ પ્રકારની ક઼સમને શરીઅતની બોલીમાં ''યમીને ગુમૂઝ'' કહેવામાં આવે છે. અને એમાં પણ આગળ જેમ બે કથનો છે : પ્રથમ એ કે તે શખ્સ મુત્લક઼ન કાફિર ઠરશે. અને આ સ્થિતિમાં જાહેર હદીષ છે કે ફર્માવ્યું, ''જો એ જૂઠો......(છેવટ સુધી)'' તેનું કથન સખત છે અને બીજુ કથન એ છે કે કેવળ ક઼સમ મુરાદ લીધી તો કાફિર ન થશે.

અહીંયા સુધી ક઼સમના બે પ્રકારો બયાન થયા અને ત્રીજો પ્રકાર ક઼સમનો યમીને લગ્વ છે એટલે કે ગલત સમજી કોઈ વાત પર ક઼સમ ખાધી અને હક઼ીક઼તમાં એનાથી વિરૂધ્ધ છે. દા.ત. આમ કહે, ''ખુદાની કસમ ! મેં ઉમર સાથે વાત નથી કરી.'' અથવા ''ખુદાની ક઼સમ ! હું ઘરમાં દાખલ થયો'' અને હુકમ એ છે કે એમાં ગુનોહ પણ નથી અને કફ્ફારો પણ નથી.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَايُؤَاخِذُكُمُ اللّٰهُ بِالَّغْوِفِىْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُم بِمَا عَقَّدْ تُّمُ الْاَيْمَانَ

''નિરર્થક ક઼સમો પર અલ્લાહ તઆલા તમને પકડતો નથી. હા ! એ ક઼સમો પર તમારી પકડ ફર્માવે છે જેને તમે મજબૂત કરી.'' *(સૂરએ માઈદા, પારા–૭, આયત–૮૯, કન્ઝુલ ઈમાન)*

અહીંયાં તો ગૈરુલ્લાહની ક઼સમોના વિશે હુકમ બયાન થયો અને ખૂદ અલ્લાહના નામો તથા સિફતોની ક઼સમ ખાવી સાવચેતીના સ્થાને છે એટલે એમાં પણ અતિરેક કરવો નહીં.



હદીષ શરીફમાં છે :–

''જે ક઼સમ ખાવાનો ઈરાદો કરે તો એ અલ્લાહની ક઼સમ ખાઈ અથવા ચુપ રહે.'' *(ફૈઝુલ કદીર, ભાગ–૬, પેજ–૨૦૭)*

અને મોટાભાગની હાલતોમાં અલ્લાહની કસમ ખાવાથી બચવું જરૂરી તથા અલ્લાહની ક઼સમ વારંવાર ખાવી બેખૌફી તથા બેબાકી છે.

એટલા માટે કુર્આન શરીફમાં ફર્માન છે :–

وَلَا تَجْعَلُوا اللّٰهَ عُرْضَةً لِاَيْمَانِكُمْ ''અને અલ્લાહ તઆલાને પોતાની ક઼સમોનું નિશાન ન બનાવો.'' *(સૂરએ બકરહ્, પારા–૨)*

મુફસ્સિરોએ આ આયતનો અર્થ એ બતાવ્યો કે અલ્લાહના નામને નિશાન ન બનાવો. અને યોગ્ય તથા અયોગ્ય વાતમાં એને બેક઼દર ન કરો જેથી તમે નેકોકાર રહો, ભાગ્યે જ ક઼સમ ખાવ અને ગુનાહથી બચો જેથી કે તમારી ક઼સમો કમ હોય. એટલા માટે કે ક઼સમોનો વધારો નેકી તથા તક઼વાથી દૂર કરે છે અને ગુનાહ તથા અલ્લાહના હુઝૂર બેબાકીથી નજીક કરે છે.

એટલે અલ્લામા જસ્સાસ રાઝી ફર્માવે છે :–

મતલબ એ છે કે અલ્લાહ તઆલા તમને વધારે ક઼સમ ખાવાથી રોકે છે અને બેબાકીથી પણ રોકે છે એટલા માટે કે એનાથી રોકાય રહેવામાં નેકી તથા પરહેઝગારી તથા તમારી ઈસ્લાહ છે. *(અહકામે કુર્આન, ભાગ–૧, પેજ–૩૫૪)*

## જ્યારે તલબ વિના ગવાહી આપવા આગળ વધશે

એટલે કે જૂઠી ગવાહી આપે જેવું કે ''મજમઉ બિહારિલ અન્વાર''માં છે :–

''એક કૌમ એવી આવશે જેના લોકો ગવાહી આપશે અને એમનાથી ગવાહી માંગવામાં આવશે નહીં. આ આમ છે એ વાતમાં કે ગવાહી પૂરી કરી લે હક્ક઼વાળાના તલબ કરતા પહેલાં કુબૂલ થશે નહીં અને અહીંયા અગ્રતા ખાસ છે. તથા આમ પણ કહેવામાં આવ્યું છે કે આનાથી એ લોકો મુરાદ છે જે જૂઠી ગવાહી આપે★.'' *(મજમઉ બિહારિલ અન્વાર, ભાગ–૧, પેજ–૨૭૦)* નિર્દેશ તથા સ્થિતિ એનો તકાદો કરે છે.

## જ્યારે હોદ્દા વારસાગત બની જાય

આથી એ લોકો મુરાદ છે જે કેવળ બાપદાદાની વિરાસતથી અમીર તથા વાલી બની બેસે અને મુસલમાનોના મામલાત તથા એમના શહેરોના ખૂદ હાકિમ બની જાય. ખાસ શરીફ લોકો તથા જ્ઞાની પુરૂષો તેમજ સુઝબુઝવાળા લોકો હોવા છતાં કે કોઈ બળ વિના પોતાના અધિકારથી તેમના મદદગાર બને, ન એવા લોકોથી મશ્વરો લેવામાં આવે ન આ અમીર બની બેસવાવાળા તેના હક્ક઼દાર થયા⊛. આ શરીઅતમાં બુરું કાર્ય તથા મના છે અને આ હુકમમાં એ લોકો પણ દાખલ છે જેમને અવામ ઓલમા તથા ફક઼ીહોને છોડીને ચૂંટી લે.

---

*★ હદીષે પાકમાં છે : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ''સૌથી બેહતર મારો જમાનો છે, પછી જે એની નિકટ છે, પછી જે એની નિકટ છે, પછી જૂઠની વિપુલતા થશે, ત્યાં સુધી કે માણસ વણમાગ્યે ગવાહી આપશે, અને માણસ ક઼સમ ખાશે તેનાથી ક઼સમ માગ્યા વિના.'' (તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૫૪) –ફારૂક઼ી ગુફિરલહૂ*

*⊛ આ હદીષે પાકમાં છે : જ્યારે દા.ત. ખિલાફત કે ક઼ાઝીનો હોદ્દો કે અમીરપણુ બિન લાયક઼ાતવાળાઓને સુપરત થઈ જાય તો ક઼યામતનો ઈંતેઝાર કરો. (મજમઉલ બિહાર, ભાગ–૧, પેજ–૧૦૧) –ફારૂક઼ી ગુફિરલહૂ*



મજમઉ બિહારિલ અન્વારમાં એક હદીષ જેનો મઝમૂન (લખાણ) આ છે કે, ''એનાથી મોટો ખયાનત કરનાર કોઈ નથી જે રાયવાળા લોકો સિવાય આમ લોકોનો ચૂંટેલો અમીર બને.''

આ હદીષની સાબિતી આ જમાનામાં ખૂદ ચૂંટવાવાળા તથા ચૂંટનારાની હાલતો પરથી સારી રીતે જાહેર થઈ રહી છે એટલે એના ઉપર વધારે બયાન કરવાની કે લખવાની જરૂરત નથી. ઉપરોક્ત હદીષ એ લોકો પર પણ લાગુ પડે છે જે બુઝુર્ગોના જાનશીન કેવળ વરાસતના કારણે બની બેઠા છે, જો કે પોતાની પાસે એ ગદ્દી હાંસલ કરવા માટે એટલી લાયકાત નથી. આ વસ્તુ પણ હાલ ખાતે આમ જોવા મળે છે.

## જ્યારે મર્દ મર્દો પર તથા સ્ત્રી સ્ત્રી પર સંતોષ કરશે

એની તફસીલ બીજી હદીષમાં ઈર્શાદ થઈ જેને ખતીબ તથા ઈબ્ને અસાકિરે હઝરત વાસિલાથી રિવાયત કરી. સરકાર ﷺ એ ફર્માવ્યું, દુનિયા ત્યાં સુધી ફના થશે નહીં જ્યાં સુધી મર્દ મર્દો પર તથા સ્ત્રી સ્ત્રીઓ પર કિફાયત (સંતોષ) કરવા લાગે. **السحاق** એટલે સ્ત્રીનું સ્ત્રીઓ સાથે સંભોગ કરવું એ સ્ત્રીઓનો આપસમાં ઝિના છે. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૪, પેજ–૨૨૬)*

અને ત્રીજી હદીષ હઝરત ઉબયથી રિવાયત છે : ફર્માવ્યું કે અમને કહેવામાં આવ્યું કે આ ઉમ્મતની પાછળના લોકોમાં ક઼યામતના નજીક અમુક વસ્તુઓ જાહેર થશે, એમાંથી એ છે કે આદમી પોતાની પત્ની અથવા લોંડી સાથે તેણીની પાછળની

જગ્યાએ★ સંભોગ કરે અને આ એ અમલોમાંથી છે જેને અલ્લાહ તઆલા તથા રસૂલ ﷺ એ હરામ કર્યું તથા એના ઉપર અલ્લાહ તથા રસૂલનો ગઝબ છે. અને એમાંથી એક એ છે કે મર્દનું મર્દ⍟ સાથે સંભોગ કરવું, અને આ એ વાતોમાંથી છે જેને અલ્લાહ તથા રસૂલે હરામ ફર્માવ્યું છે. એમાં એક એ પણ છે કે સ્ત્રીનું સ્ત્રી✪ સાથે ઝિના કરવું, આ એ કાર્ય જેને

*★ આજકાલ અમેરિકામાં આ બીમારી સામાન્ય થઈ ગઈ છે. તેમની દલીલ એ છે કે અમે નિકાહ કર્યા છે જેથી પત્નીના શરીરનો દરેક ભાગ પતિ માટે હલાલ થઈ જાય છે. એ તો ઠીક પણ ત્યાંની સ્ત્રીઓ પોતાના આકર્ષણથી ખૂદ આ ગંદુ કૃત્ય કરાવે છે જે સખ્ત હરામ છે અને જે લોકો એવું કરે છે તેઓ સખ્ત ગુનેહગાર તથા અલ્લાહના ગઝબના હક્કદાર છે, તેમના પર પોતાના આ કૃત્યથી તૌબા વાજિબ છે.*

*જેમ કે રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ''જે શખ્સ પોતાની પત્ની સાથે માસિકની હાલતમાં અથવા તેના પાછળના ભાગે સંભોગ કરે, બેશક ! તેણે કુફ્ર કર્યું એની સાથે જે મુહમ્મદ ﷺ પર નાઝિલ થયું.'' (અહકામુલ કુર્આન, ભાગ–૧, પેજ–૩૫૩)–ફારૂક઼ી*

*✪ આ એટલા પ્રમાણમાં ખરાબ તથા ગંદુ કૃત્ય છે કે જો લૂતી સર્વ સમંદરોના પાણી વડે ગુસ્લ કરે તો પણ પાક થશે નહીં. ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે, અલ્લાહ તઆલા સૃષ્ટિ વિરુધ્ધ કૃત્ય કરનારને ક઼બરમાં સુવ્વર બનાવી દે છે, તેના નસકોરાંમાં આગ ઘુસે છે અને પાછળ થઈને નીકળતી રહે છે. (નુઝહતુલ મજાલિસ, ભાગ–૨, પેજ–૬૨)–ફારૂક઼ી*

*✪ જેવી રીતે પુરૂષોમાં લવાતત (સૃષ્ટિ વિરુધ્ધ કૃત્ય) ઝડપથી વધી રહ્યું છે તે જ રીતે હવે સ્ત્રીઓમાં પણ સજાતિય સંભોગ વધતો જઈ રહ્યો છે, હદ તો એ કે યૂરોપના મોટા ભાગના દેશોમાં એને ક઼ાનૂની દરજો હાંસલ છે (ગવર્નમેન્ટ માન્ય) અને ત્યાં સજાતિય સંભોગવાળી સ્ત્રીઓ તથા સજાતિય સંભોગ કરતા પુરૂષો આપસમાં નિઃસંકોચ કોર્ટ મેરજ કરી રહ્યા છે. આ રીતે હુઝૂર ﷺ ની આ પેશનગોઈ શબ્દે શબ્દ સાચી સાબિત થઈ રહી છે. –૧૨, ફારૂક઼ી ગુફિરલહુ.*



અલ્લાહ તથા રસૂલે હરામ ફર્માવ્યું તથા એના પર અલ્લાહ વ રસૂલની નારાઝગી છે. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૪, પેજ–૫૭૫)*

સરકારે દો આલમ ﷺ એ ક઼યામતના નજીકની જે નિશાનીઓ બયાન ફર્માવી એમાંથી ઘણી નિશાનીઓ થઈ ચૂકી છે જેને આજકાલ આપણે જોઈ રહ્યા છીએ અને જે બાકી છે તે જરૂર થશે. *(સંપૂર્ણ)*

## ❖ બઝ્મે આખિર કા ઉજાલા ! ❖

**અઝ : તાજુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અખ્તર રઝા અઝહરી مدظلہ العالی (બરેલી શરીફ)**

મુસ્તફાએ ઝાતે યક્તા આપ હૈં
યકને જિસ કો યક બનાયા આપ હૈં
આપ જૈસા કોઈ હો સક્તા નહીં
અપની હર ખૂબીમેં તન્હા આપ હૈં

આબો ગીલમેં નૂર કી પહલી કિરન
જાને આદમ જાને હવ્વા આપ હૈં
હુસ્ને અવ્વલ કી નમૂદે અવ્વલી
બઝ્મે આખિર કા ઉજાલા આપ હૈં

આપ કી ખાતિર બનાએ દો જહાં
અપની ખાતિર જો બનાયા આપ હૈં
આપ કી તલ્અત કો દેખા જાન દી
કબ્રમેં પહોંચા તો દેખા આપ હૈં

આપ કી તલ્અત ખુદા કા આઈના
જિસ્મેં ચમકે હક઼્ક઼ કા જલ્વા આપ હૈં
આપસે ખૂદ આપ કા સાઈલ હૂં મૈં
જાને જાં મેરી તમન્ના આપ હૈં

બર દરત આમદ ગદા બહરે સલામ
હો ભલા **'અખ્તર'** કા દાતા આપ હૈં

# હર નઝર કાંપ ઉઠેગી મેહશર કે દિન.....

અઝ : **હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી** مدظلہ العالی

હર નઝર કાંપ ઉઠેગી મેહશરકે દિન
ખૌફસે હર કલેજા દહલ જાએગા
પર યે નાઝ ઉન્કે બંદે કા દેખેંગે સબ
થામ કર ઉનકા દામન મચલ જાએગા
મૌઝ કટરા કે હમસે ચલી જાએગી
રુખ મુખાલિફ હવાકા બદલ જાએગા
જબ ઈશારા કરેંગે વો નાખુદા
અપના બેળા ભંવરસે નિકલ જાએગા
યૂં તો જીતા હૂં હુક્મે ખુદાસે મગર
મેરે દિલ કી હૈ ઉન્કો યક઼ીનન ખબર
હાસિલે ઝિંદગી હોગા વો દિન મેરા
ઉન્કે ક઼દમોંમે જબ દમ નિકલ જાએગા
'રબ્બિ સલ્લિમ' વો ફર્માને વાલે મિલે
ક્યૂં સતાતે હૈ અય દિલ તુઝે વસવસે !
પુલસે ગુઝરેંગે હમ વજ્દ કરતે હુએ
કૌન કેહતા હૈ પાંવ ફિસલ જાએગા ?!
**'અખ્તરે'** ખસ્તા ક્યૂં ઈતના બેચૈન હૈ
તેરા આક઼ા શહેનશાહે ક઼ૌનેન હૈ
લૌ લગા તો સહી શાહે લવલાકસે
ગમ મસર્રત કે સાંચેમેં ઢલ જાએગા

## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/Bharuch/02
*C/o.* ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨
૨૮૨૯૩૩, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧
**Web :** www.barkatekhwaja.net
**Email :** anjuman2006@hotmail.com

વરસોથી સુન્ની સાહિત્ય ક્ષેત્રે મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅતની અજોડ ખિદમત આપતી, આપની આ પ્યારી સંસ્થાએ **નાનીથી લઈને મોટી મોટી કિતાબો** ગુજરાતી વાંચકોને વિશ્વભરમાં મોટા ભાગે **મફત** પહોંચાડી છે અને **સમયની માંગને અનુરૂપ સચોટ સાહિત્ય** કુર્આન, હદીષ, અકવાલથી ભરપુર દલીલ સભર સાહિત્ય **અકીદાની મજબૂતી** તથા **અમલી ઈસ્લાહ** માટે પ્રકાશિત કરવાનુ કામ અવિરત ચાલુ છે. અસંખ્ય સુન્નીઓ તેનાથી લાભ મેળવે છે તો આપ કયાં તો **રૂા. ૨૦૦/–** મોકલી મેમ્બર બનો અને ખુદા તૌફીક આપે તો **લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, કુર્બાનીની ખાલો** વગેરે M.O., ચેક, ડ્રાફટથી અંજુમનના સરનામે મોકલો તો વરસભર **અંજુમન** તરફથી છપાતી લાજવાબ કિતાબો આપને ઘરબેઠાં મફત પહોંચતી રહેશે. યાદ રાખશો ! ભૂલશો નહીં ! આજે જ મેમ્બર ફી મોકલો કે વધુને વધુ સહાય રવાના કરો ! ***–પ્રકાશક***